ज्ञानं परं धीमहि

# ગુજરાત વિદ્યાસભા

અમદાવાદ

સ્થાપના : તા. ૨૬ ડિસેમ્બર, ૧૮૪૮

૧૬૭
મો

# વાર્ષિક અહેવાલ

વર્ષ ૨૦૧૫-૧૬

ડો. મુગટલાલ બાવીસી સુવર્ણ ચંદ્રક સ્વીકાર કાર્યક્રમ પ્રસંગે
ડો. મકરંદ મહેતા અને પ્રમુખ શ્રી બાલકૃષ્ણ દોશી







આચાર્ય યશવંત શુક્લની પુણ્યતિથિ પ્રસંગે વ્યાખ્યાન આપતા
ડો. મધુસૂદન પારેખ





## શ્રી એચ.કે.આર્ટ્સ કોલેજના હિરક જ્યંતી મહોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન ગવર્નરશ્રી ઓ.પી.કોહલીની ઉપસ્થિતિમાં કાવ્યગોષ્ઠી...











## ગુજરાત વિદ્યાસભા - આર.બી.આર.સી. ગર્લ્સ હાઈસ્કૂલ (ખાડિયા)માં ''માતૃભાષા ગૌરવ દિન''ના ઉદ્‌ઘાટન પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ડો. કુમારપાળ દેસાઈ અને શાળાના આચાર્ય












# ગુજરાત વિદ્યાસભા અને સંલગ્ન સંસ્થાઓની પ્રવૃત્તિઓનો હેવાલ

**સ્થાપના :**

સ્વ. ઍલેકઝાન્ડર કિન્લોક ફૉર્બ્સે તા. ૨૬ ડિસેમ્બર ૧૮૪૮ના રોજ આ સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થા ૨૦૧૫ના ડિસેમ્બરમાં ૧૬૭ વર્ષ પૂરાં કરી ૧૬૮મા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. આ સંસ્થા સન ૧૮૬૦ના પબ્લિક રજિસ્ટ્રેશન ઍક્ટ પ્રમાણે તા. ૨૯ સપ્ટેમ્બર ૧૮૮૦ના રોજ રજિસ્ટર્ડ થયેલી છે. બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ ૧૯૫૦ મુજબ પણ તેને રજિસ્ટર્ડ કરાવી છે, અને એનો રજિસ્ટર્ડ નંબર એફ-૨૪ છે. એ અંગે ડેપ્યુટી ચેરિટી કમિશનરે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ નંબર ૫૩૨૪ તા. ૨૬-૯-૧૯૫૨ની તારીખનું આપ્યું છે. મુંબઈ સરકારના જાહેરનામાથી આપણી સંસ્થા ૩ ડિસેમ્બર ૧૯૫૩થી પબ્લિક ટ્રસ્ટ કૉન્ટ્રિબ્યૂશન ફંડના ભરણામાંથી મુક્ત ગણાઈ છે.

**ઉદ્દેશ :**

**ગુજરાતી ભાષા-સાહિત્યનો ઉત્કર્ષ કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી એ ગુજરાત વિદ્યાસભાનો ઉદ્દેશ છે.**

આ ઉદ્દેશ પાર પાડવા કેળવણી અને વિદ્યાવૃદ્ધિને ઉત્તેજન આપે એવા ટ્રસ્ટ ફંડ સ્વીકારી એનો વહીવટ કરવામાં આવે છે. ''બુદ્ધિપ્રકાશ'' માસિક ચલાવવામાં આવે છે. ગુજરાતી ભાષા અને સાહિત્યની સમૃદ્ધિ વધારવા ઉપયોગી પુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ દ્વારા સંસ્કૃત પાઠશાળા, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), શ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન તથા ગુજરાતની પ્રથમ કન્યાશાળા રા.બ. રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા પણ ચલાવવામાં આવે છે. તદ્ ઉપરાંત બીજી અનેક રીતે ગુજરાતમાં સ્વભાષા દ્વારા કેળવણી, સંસ્કાર તેમજ જ્ઞાનનો વધારો થાય તેવો પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત વિદ્યાસભા, શ્રી ભો. જે. વિદ્યાભવન, સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ, શ્રી હ.કા. આર્ટ્સ કૉલેજ, અને શ્રી હ.કા. કૉમર્સ કૉલેજનાં સમૃદ્ધ પુસ્તકાલયો નિભાવવામા આવે છે અને પ્રાચીન હસ્તપ્રતોનો ભંડાર તથા ભારતીય સંસ્કૃતિ અંગેનું પુરાતત્ત્વ સંગ્રહાલય પણ જળવાય છે.

**આપણી સંસ્થા વિદ્યાવૃદ્ધિના ક્ષેત્રમાં કાર્ય કરનાર જાહેર સંસ્થા હોઈ એને અપાતાં દાન આવકવેરાની કલમ ૮૦જી મુજબ આવકવેરામાંથી મુક્ત ગણાય છે.**

**સભાસદો :**

સંસ્થાના નોંધણીપત્રક મુજબ ૧૬૧ આજીવન સભાસદો છે. જેમાં અમદાવાદના ૯૨, બહારગામના ૬૫ અને વિદેશના ૪ સભ્યો છે.

## કાર્યાલય

ગુજરાત વિદ્યાસભાની ઑફિસ શ્રી એચ. કે. કૉલેજ કૅમ્પસમાં ચાલે છે. ગુજરાત વિદ્યાસભાના કર્મચારીઓમાં એક મુખ્ય હિસાબનીશ, એક મદદનીશ હિસાબનીશ, એક પટાવાળો અને એક પગી છે.

## પ્રેમાભાઈ હોલ

ગુજરાત વિદ્યાસભાની પોતાની ૧૫૪૪ (૯૦૨ + ૬૪૨) ચો. વાર જેટલી જમીન હતી તેમાં એકવાયર કરેલી ૧૯૧૫.૧૦ ચો. વાર જેટલી જમીનનો વધારો થતાં કુલ જમીન ૩૪૫૯.૧૦ ચો. વાર જેટલી થાય છે. પરંતુ ૧૭૭.૭૦ ચો. વાર જેટલી જમીન કપાતમાં જતાં ૩૨૮૧.૪૦ ચો. વાર જમીન રહે છે.

## કારોબારી સમિતિ અને સામાન્ય સભા

હેવાલવાળા વર્ષમાં કારોબારી સમિતિની ૩ બેઠક મળી હતી અને સામાન્ય સભાની ૨ બેઠક મળી હતી.

## વિવિધ સમિતિઓ

જુદી જુદી પ્રવૃત્તિઓ માટે તા. ૦૧-૦૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૫ સુધીના સમયગાળા માટે ઉપસમિતિઓની રચના કરવામાં આવેલ છે. દરેક મિટિંગમાં માનાર્હ મંત્રી અને માનાર્હ સહમંત્રી હોદ્દાની રૂએ સભ્ય ગણાય છે.

### (૧) ગ્રંથપ્રકાશન ઉપસમિતિ

૧. શ્રી કુમારપાળ દેસાઈ
૨. શ્રી પ્રફુલ્લભાઈ મહેતા
૩. શ્રી મુગટલાલ બાવીસી

### (૨) બુદ્ધિપ્રકાશ ઉપસમિતિ

૧. શ્રી મધુસૂદનભાઈ પારેખ
૨. શ્રી કુમારપાળ દેસાઈ
૩. શ્રી મુગટલાલ બાવીસી
૪. શ્રી પ્રફુલ્લભાઈ એન. મહેતા

### (૩) રા. બ. ર. છો. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા

૧. શ્રી પુરુષોત્તમદાસ જી. પટેલ (કન્વીનર)
૨. શ્રી મેરુભાઈ ઝીંઝુવાડિયા
૩. શ્રી હરિપ્રસાદ પાઠક
૪. શ્રી આરમઇતીબેન દાવર
૫. શ્રી અંબાલાલ એમ. પટેલ

### (૪) લાઈબ્રેરી ઉપસમિતિ

૧. શ્રી સુરેશભાઈ શુક્લ
૨. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૩. શ્રી સુબંધુ પરીખ

### (૫) ઠરાવો અને કૅમ્પસ બુલેટિન ઉપસમિતિ

૧. શ્રી મદનમોહન વૈષ્ણવ
૨. શ્રી બિપીનચંદ્ર શાહ

### (૬) એકેડેમિક સમિતિ

૧. શ્રી અંબાલાલ પટેલ
૨. શ્રી આરમઈતીબેન દાવર
૩. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૪. શ્રી પુરુષોત્તમદાસ જી. પટેલ

### (૭) કૅમ્પસ ડેવલપમેન્ટ અને સિવિલ વર્ક ઉપસમિતિ

૧. શ્રી હસમુખ પટેલ
૨. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ

### (૮) શ્રી ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ ઉપસમિતિ

૧. શ્રી પૌલોમીબહેન રાજીવભાઈ
૨. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૩. શ્રી બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સમિતિમાંથી માનાર્હ મંત્રી, ઉપપ્રમુખ અને રાજેશભાઈ જયકૃષ્ણભાઈ

### (૮) ગુજરાત વિદ્યાસભા ઇમારત અને વિકાસ ફંડ

૧. પ્રમુખશ્રી
૨. માનાર્હ મંત્રીશ્રી
૩. શ્રી હસમુખભાઈ પટેલ
૪. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ

## વ્યાખ્યાનો તથા અન્ય કાર્યક્રમો

### ''ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક'' અર્પણ સમારોહ

૧૬૬ વર્ષથી સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારક્ષેત્રે એકધારી સેવાઓ આપનારી ગુજરાત વિદ્યાસભા દ્વારા ગુજરાતના સંસ્કારજીવનનું વિધાયક નેતૃત્વ ધરાવનાર અગ્રગણ્ય મહાનુભાવોને માનાર્હ આજીવન સભ્યપદ અર્પવું. ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે અનેક વિદ્વાનો પાસે વિવિધ વિષયોનું ખેડાણ કરાવી, તેને ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરવા. સંસ્થાનું મુખપત્ર ''બુદ્ધિપ્રકાશ'' દોઢસો વર્ષ કરતાં વધુ વર્ષથી પ્રકાશિત થતું રહ્યું છે. કન્યા કેળવણી, ત્રણ કૉલેજો, એક અનુસ્નાતક સંશોધનસંસ્થા, એક સંસ્કૃત પાઠશાળા, એક પ્રાથમિક કન્યાશાળા અને એક ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળાનું સંચાલન કરવા ઉપરાંત લલિતકલાઓને ઉત્તેજન આપવા પ્રેમાભાઈ હૉલ અને સી.સી. હૉલ કાર્યરત છે.

ગુજરાત વિદ્યાસભાને પ્રકાશન, વ્યાખ્યાનશ્રેણી, સંશોધન, શિષ્યવૃત્તિઓ અને વિદ્વાનોને સન્માનવા માટેના ચંદ્રકો માટે દાન મળેલ છે. ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ, તત્ત્વચિંતન, શિક્ષણ અને સંશોધનક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનારને સન્માનવાના કાર્ય અંતર્ગત વર્ષ ૨૦૧૪નો ''ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક'' જાણીતા ઇતિહાસવિદ અને સંશોધક ડૉ. મકરન્દ મહેતાને તા. ૩ જુલાઈ ૨૦૧૫ના રોજ એનાયત કરવામાં આવ્યો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાત વિદ્યાસભા દ્વારા આશ્રમ રોડ ખાતે આવેલ એચ.કે. કૉલેજના યુ.જી.સી. કૉન્ફરન્સ રૂમમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સર્વ મહાનુભાવો અને મહેમાનોને સંસ્થાના માનાર્હ મંત્રી શ્રી અંબરીષ શાહે આવકારતાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. મકરન્દ મહેતાનું સ્વાગત ડૉ. જયકુમાર શુક્લએ અને ડૉ. મુગટલાલ બાવીસીનું સ્વાગત ડૉ. રામજી સાવલિયાએ કર્યું હતું.

શિરીનબહેન મહેતાનું સ્વાગત નલિનીબહેન દેસાઈએ કર્યું હતું. થોમસ પરમારનું સ્વાગત અંબરીષ શાહે કર્યું હતું.

ત્યારબાદ ડૉ. થોમસ પરમારે ડૉ. મકરન્દ મહેતાનો પરિચય આપ્યો હતો. ડૉ. કુમારપાળ દેસાઈએ વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, ભારતીય ઇતિહાસની પરંપરાગત પદ્ધતિને સાથે રાખી નવા દૃષ્ટિબિંદુથી ઇતિહાસલેખનનો ડૉ. મકરન્દભાઈ મહેતાનું યોગદાન સરાહનીય ગણાય.

ત્યારબાદ ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે ડૉ. મકરન્દભાઈને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે સંસ્થાના પ્રમુખ પદ્મશ્રી ડૉ. બાલકૃષ્ણ દોશીના હસ્તે શાલ ઓઢાડી સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડૉ. બાલકૃષ્ણ દોશીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, ''અમે ઘણી વાર પોળો અંગે ચર્ચા કરી છે, પરંતુ તેના ઊંડાણમાં ગયા નથી કે તેને ઇતિહાસ તરીકે જોઈ નથી. જો ઇતિહાસને સમયની મર્યાદા ન હોય તો તે દરિયા જેવો છે. જો ઇતિહાસ ન હોય તો આપણે ન હોઈએ. ડૉ. મકરન્દ મહેતાએ એક નવી દૃષ્ટિ ખોલી છે. મારી ઇચ્છા છે કે ભવિષ્યના કલ્પનાનો ઇતિહાસ બનાવો. સ્માર્ટ સિટીમાં સ્માર્ટ માણસ, કોની સાથે વાત કરશે ? કવિતા ગાશે ? આ બધી સ્થિતિમાં એક અલગ ઇતિહાસની રચના થાય તે જરૂરી છે.''

આ પ્રસંગે પ્રતિભાવ આપતાં ડૉ. મકરન્દ મહેતાએ કહ્યું હતું કે, ''ઇતિહાસ એ માનવઅનુભવોની લેબૉરેટરી છે. ગુજરાત વિદ્યાસભાનો ઇતિહાસ ફરીથી લખાવો જોઈએ. ગુજરાતી ભાષા ભુલાતી જાય છે તે આજે સૌથી મોટી ચિંતા છે. વિશ્વમાં ગમે ત્યાં રહો, અંગ્રેજી, ફ્રેન્ચ જે પણ ભાષા શીખો પરંતુ ગુજરાતી ભાષા બોલો. હું અમદાવાદને POET કહું છું. 'પી' એટલે પોપ્યુલેશન 'ઓ' એટલે ઑર્ગેનાઈજેશન, 'ઇ' ઈકોલોજી, 'ટી' એટલે ટેકનૉલોજીનો સમન્વય છે. તેમણે વધુમાં જણાવ્યું કે,ખરેખર તો ઇતિહાસકારોએ સાહિત્યકારો પાસેથી શીખવા જેવું છે. ઇતિહાસ જેવા શુષ્ક વિષયને સાહિત્ય સાથે જોડવો જોઈએ. આપણે લોકો સુધી પહોંચવું હશે તો ઐતિહાસિક પદ્ધતિ નહિ ચાલે.''

કાર્યક્રમને અંતે સંસ્થાના પૂર્વ માનાર્હમંત્રી પ્રિ. અંબાલાલ પટેલે આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નલિનીબહેન દેસાઈએ કર્યું હતું.

## વિદ્યાબહેન નિલકંઠ સ્મારક વ્યાખ્યાન

ગુજરાત વિદ્યાસભા દ્વારા અલગ અલગ ટ્રસ્ટ ફંડો - દાન - સખાવત - સ્વીકારી તેના હેતુઓ મુજબ વ્યાખ્યાનો - સેમિનાર, શૈક્ષણિક પ્રવાસ શિષ્યવૃત્તિ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત વિદ્યાસભાના ૧૬૮મા સ્થાપના વર્ષનું ''શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ સ્મારક વ્યાખ્યાન'' તા. ૧-૧-૨૦૧૬ના રોજ સાંજે ૫ વાગ્યે, યુ.જી.સી. સેમિનાર હૉલ, એચ.કે. કૉલેજ કેમ્પસ, અમદાવાદ ખાતે જાણીતા સર્જક અને નવલકથાકાર શ્રી વર્ષા અડાલજાએ ''મારી આસપાસના જીવનમાંથી મળેલાં નારીપાત્રો'' વિષય પર આપ્યું હતું. આ પ્રસંગના અધ્યક્ષ સ્થાને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, અતિથિ વિશેષ શ્રી સુકુમાર પરીખ, જ્ઞાનપીઠ ઍવૉર્ડ સન્માનિત શ્રી રઘુવીર ચૌધરી સહિત સાહિત્ય-શિક્ષણ જગતના વિદ્વાનો, મહાનુભાવો, સંસ્થાના હોદ્દેદારો અને આમંત્રિતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના માન. મંત્રીશ્રી અંબરિષ શાહે શાબ્દિક સ્વાગત દ્વારા સહુને આવકાર્યા હતા. બાદમાં પ્રો. રઘુવીર ચૌધરીને સંસ્થાની સેવાપ્રવૃત્તિ બદલ શ્રી અંબરિષ શાહે ફૂલગુચ્છ, ડૉ. કુમારપાળ દેસાઈએ શાલ અને પ્રિ.

અંબાલાલ પટેલે ગ્રંથ દ્વારા સન્માન કર્યું હતું. વક્તા શ્રી વર્ષા અડાલજાનું ફૂલગુચ્છથી શ્રી રઘુવીર ચૌધરીએ, શાલ દ્વારા શ્રીમતી શૈલજાબહેન સુકુમાર પરીખે અને પુસ્તકથી શ્રી અંબરિષ શાહે સન્માન કર્યું હતું.

અતિથિ વિશેષ શ્રી સુકુમાર પરીખે પ્રાસંગિક પ્રવચનમાં ગાંધીજી, રમણભાઈ નીલકંઠ અને વિદ્યાબહેન વિશેના વિવિધ પ્રસંગોની વાત કરી હતી. અધ્યક્ષ ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રી વર્ષા અડાલજાની જીવનયાત્રાનો પરિચય આપ્યો હતો. શ્રી રઘુવીર ચૌધરીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી વર્ષા અડાલજાની નાટ્યપ્રવૃત્ત અને લેખનપ્રવૃત્તિની રસપ્રદ બાબતો જણાવી હતી.

શ્રી વર્ષા અડાલજાએ પોતાના વક્તવ્યમાં નારીપાત્રોમાં આલેખનમાં જાતતપાસના વિવિધ પ્રસંગોમાં અનુભવેલી વેદના-સંવેદનાની વાત કરી હતી. પોતાની દરેક વાર્તા અને નવલકથા માટે પાત્રોની શોધમાં પોતે પણ એક પાત્ર જ છે. માત્ર તેની વેદના અનુભવવાની તાકાત જોઈએ. લખતી વખતે તમે જો સંવેદના ન અનુભવો તો લેખક શેના ? કથાવાર્તા લખવા માટે માત્ર ખાલી પાત્ર જ જરૂરી નથી, કથામાં એ પાત્ર એવી રીતે વણાવું જોઈએ કે એ વાર્તાને આગળ વધારે, વાર્તાને ધાર આપવા માત્ર પ્રસંગ જ જરૂરી નથી પણ તેને નાટ્યાત્મક બનાવીને ધાર કાઢવી પડે છે.'' તેમણે વિયેટનામના ભીષણ નરમેધને આલેખતી 'આતશ' વિશે સાંકેતિક રીતે કહ્યું કે, 'યુદ્ધમાં હંમેશાં જીતે કોઈ પણ હારે છે તો સ્ત્રીઓ જ. આ જ વિચારે મને એ કૃતિ લખવા પ્રેરી.' ઉપરાંત રેડ લાઈટ એરીયા, રક્તપિત્ત આશ્રમ, જેલની મુલાકાત વખતે સ્ત્રીની દશાના રસપ્રદ પ્રસંગો જણાવ્યા હતા. આ પ્રસંગે શ્રી સુકુમાર પરીખ પરિવાર તરફથી સંસ્થાને શ્રીમતી શૈલજા પરીખે રૂ. ૫૧,૦૦૦/- (એકાવન હજાર)ના દાનનો ચેક અર્પણ કર્યો હતો. આભારવિધિ ડૉ. રામજી સાવલિયાએ અને સમગ્ર પ્રસંગનું સંચાલન પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટે કર્યું હતું.

## યશવંત શુક્લ સ્મૃતિવંદના

હ.કા.આર્ટ્સ કૉલેજના સંસ્થાપક પ્રથમ આચાર્ય શ્રી યશવંત શુક્લના જન્મ શતાબ્દી વર્ષના પ્રારંભે તા. ૫ એપ્રિલ ને તેઓના જન્મ દિવસે ગુજરાત વિદ્યાસભા અને હ.કા.આર્ટ્સ કૉલેજના ઉપક્રમે મુ. શ્રી મધુસૂદન પારેખ અને વિદ્યાસભાના ઉપાધ્યક્ષ ડૉ. કુમારપાળ દેસાઈના સંયુક્ત અધ્યક્ષપદે સ્મૃતિવંદનાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે બીજરૂપ વક્તવ્યમાં મધુસૂદન પારેખે યશવંતભાઈના વ્યક્તિત્વનાં અનેક જમા પાસાંઓને ઉજાગર કરી સૌને રસતરબોળ કર્યા હતા. યશવંતભાઈની લાક્ષણિકતાઓ અને વહીવટી સૂઝને બિરદાવતા તેઓએ હળવી શૈલીમાં યશવંતભાઈની ખૂબીઓને વર્ણવી હતી.

પૂર્વ આચાર્યશ્રી હીરુભાઈ ભટ્ટે તેઓની સિદ્ધાંતનિષ્ઠા અને કોઠાસૂઝ વિશેના કેટલાક પ્રસંગો ટાંકીને યશવંતભાઈ સાથેનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં.

પ્રા. શ્રી રમેશભાઈ શાહે અંગત સંબંધો વિશે કહેવાનું ટાળીને જાહેર જીવનમાં યશવંતભાઈની છબિ કેવી સચોટ હતી અને કટોકટી વેળાએ તેઓની નાગરિક તરીકેની ફરજ તથા સંસ્થાના વડા તરીકેની ભૂમિકાને સ્પષ્ટ કરી સ્મરણાંજલિ અર્પી હતી.

આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ તેઓના વિદ્યાઅભ્યાસ કાળના યશવંતભાઈ સાથેના વાર્તાલાપોને તાજા કરી, પ્રતિભાવંત આચાર્ય યશવંત શુક્લનો ઠસ્સો અને એમના રુવાબના ભરપેટ વખાણ કર્યાં હતાં.

આ ઉપરાંત પ્રા. પ્રફુલ્લભાઈ મહેતાએ પોતે અનુભવેલા પિતૃવાત્સલ્યના ભાવને વાંચી સંભળાવ્યા હતા. પ્રા. મદનમોહન વૈષ્ણવે યશવંતભાઈની કલમ અને વહીવટી કાબેલિયતને ઉજાગર કરી સ્મરણાંજલિ અર્પી હતી.

મુ. યશવંતભાઈની કલમને અનુલક્ષીને પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટે 'ક્રાંતિકાર ગાંધીજી' પુસ્તકને આધારે યશવંતભાઈના માર્ક્સવાદી વિચારપ્રવાહને સમાજવાદથી કેવી રીતે પ્રભાવિત થતો જોયો એ વિષયક વિશેષ ચર્ચા છેડી હતી.

આ ઉપરાંત પ્રા. અમૃતભાઈ પરમાર તથા પ્રા. નલિની દેસાઈએ યશવંતભાઈની અન્ય કૃતિઓને ટાંકીને તેમની કલમસિદ્ધ હસ્તતાનો સુપેરે પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં પૂર્વ પ્રાધ્યાપકો, વર્તમાન અધ્યાપકગણના બહોળા સમુદાયની હાજરી વચ્ચે સાચા અર્થમાં યશવંતભાઈના વ્યક્તિત્વ અને વાઙ્મયને ઉજાગર કરવાનો આ સ્તુત્ય યત્ન સરાહનીય રહ્યો.

## ગુજરાત વિદ્યાસભાના પ્રેરકશ્રી ઍલેકઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સની ૧૫૦મી પુણ્યતિથિ પ્રસંગે સ્મારક વ્યાખ્યાન : ૨૦૧૫-૧૬

આ સંસ્થાનું બીજ રોપાયું તે વખતે સમગ્ર દેશમાં તેમજ ગુજરાતમાં પણ હકૂમતોની ઊથલપાથલ પ્રવર્તતી હતી; અને એમાંથી બ્રિટિશ રાજ્યવ્યવસ્થા પેદા થઈ હતી. આવા કાળમાં આ સંસ્થાનો રોપ ઊગ્યો. ગુજરાતી ભાષાને વિદ્યાસમૃદ્ધ કરવાની એના હિતચિંતકોને જરૂર જણાઈ. જેને લઈને ઈ.સ. ૧૮૪૮ના ડિસેમ્બરની ૨૬મી તારીખ ને મંગળવારે કર્નલ ઍલેકઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સના હસ્તે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી - ગુજરાત વિદ્યાસભાની સ્થાપના થઈ હતી. વિદ્યાસભાએ પોતાની ૧૬૬ વર્ષની કારકિર્દીમાં આ ''વિદ્યાના અભ્યાસને અધિક વધારનારા'' બહુવિધ પ્રવૃત્તિ સતત કરી છે.

આ વર્ષે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સ્થાપક એ.કે. ફૉર્બ્સની ૧૫૦મી પુણ્યતિથિ નિમિત્તે જાણીતા વિવેચક અને સંશોધક શ્રી દીપક મહેતાએ ''ઍલેકઝાન્ડર ફૉર્બ્સ : કેટલીક ઓછી જાણીતી વાતો'' વિશે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે શ્રી મહેતાએ લખેલા ''અર્વાચીનતાના સૂર્યોદયના છડીદાર'' (ઍલેકઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સ : જીવન અને કાર્ય) પુસ્તકનું વિમોચન કરાયું હતું અને પ્રદર્શન-વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન ગુજરાત વિદ્યાસભાના ઉપક્રમે આશ્રમ રોડ ખાતે આવેલ એચ.કે. કૉલેજ કેમ્પસના યુ.જી.સી. કૉન્ફરન્સ રૂમમાં તા. ૩૧-૮-૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વક્તા શ્રી દીપક મહેતાનું પુસ્તક અને ફૂલગુચ્છથી સંસ્થાના પ્રમુખ પદ્મશ્રી ડૉ. બાલકૃષ્ણ દોશીએ સ્વાગત કરી ''અર્વાચીનતાના સૂર્યોદયના છડીદાર'' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

ત્યારબાદ અતિથિવિશેષ અને સંસ્થાના ઉપપ્રમુખ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી દીપક મહેતાનો પરિચય આપી તેમની કાર્યપદ્ધતિ અને ફાર્બસ વિશેના તેમના સંશોધનની વિસ્તૃત વિગતો આપી હતી.

આ પ્રસંગે શ્રી દીપક મહેતાએ પોતાના વક્તવ્યમાં ફાર્બસ અંગેની કેટલીક ગેરમાન્યતાઓ દૂર કરી, તેમના જીવનની રસપ્રદ વિગતો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આધાર-પુરાવાઓની સાથે આપી હતી. ફાર્બસનાં પત્નીનો ફોટો તેમણે રજૂ કર્યો હતો. ફાર્બસ અને દલપતરામની મૈત્રી ગુજરાતી સાહિત્યમાં ઘણી જાણીતી છે, પરંતુ ૪૪ વર્ષની ટૂંકી જિંદગીમાં ફાર્બસે સદીઓ સુધી યાદ રાખવું પડે એટલું કામ કર્યું છે. છેલ્લી અવસ્થામાં ફાર્બસ પૂના

જતા રહ્યા હતા. ત્યાં ઈ.સ. ૧૮૬૫ની ૩૧મી ઑગસ્ટે તેમનું મૃત્યુ થયું હતું. ફાર્બસ દલપતરામ સાથેની તેમની મૈત્રીને કારણે ફાર્બસ પરદેશી હોવા છતાં ગુજરાતી ભાષાના આધારસ્તંભો પૈકીના એક ગણાય છે.

કાર્યક્રમના અંતે ભો.જે. વિદ્યાભવનના કાર્યકારી નિયામક ડૉ. રામજી સાવલિયાએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એચ.કે. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ સુભાષ બ્રહ્મભટ્ટે કર્યું હતું.

## ગુજરાત વિદ્યાસભાનો ૧૬૮મો સ્થાપના દિવસ અને શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજ હિરક જયંતી મહોત્સવ ઉપક્રમે લોકડાયરો

ગુજરાત વિદ્યાસભાના ૧૬૮માં સ્થાપના દિન તથા શ્રી હ.કા. આર્ટ્સ કૉલેજ હિરક મહોત્સવ પ્રસંગે તા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ એક લોકડાયરાનું આયોલન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય કલાકાર તરીકે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશદાન ગઢવી હતા.

કાર્યક્રમની શરૂઆત રાત્રે ૮.૪૫ કલાકે થઈ. તેની શરૂઆતમાં આચાર્યશ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટે આ કાર્યક્રમની આછી રૂપરેખા આપી અને ગુજરાત વિદ્યાસભાના હોદ્દેદારોનો પરિચય આપ્યો. આ સંસ્થાના ૧૬૮ વર્ષની સેવાયાત્રાને જોડીએ અને ત્યાર પછીના ધુરા વાહકોએ સંસ્થાને જાળવી, વિકસાવી તેનું ગૌરવ અભિવ્યક્ત કર્યું.

સમારંભના અધ્યક્ષ પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ સંસ્થાના મૂળ ઉદ્દેશમાં માતૃભાષાનું સંવર્ધન અને સંસ્કૃતિનું જતન તથા શિક્ષણ ખાસ કરીને કન્યા કેળવણીની ચિંતા વ્યક્ત કરી. આ વર્ષે સંસ્થાનું ૧૬૮મું વર્ષ અને શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજનું ૬૦મું વર્ષ ઊજવાય છે એના આનંદ સાથે આપણી ગુજરાતી ભાષા અને સંસ્કૃતિ ઉપર જે આક્રમણ થઈ રહ્યું છે તેની ચિંતા વ્યક્ત કરી. આપણી ભાષા અને સંસ્કૃતિને જાળવી રાખવા અને ટકાવી રાખવા હવે જાગ્રત થવું પડશે વગેરે બાબતો ઉપર ભાર મૂક્યો.

આટલી ભૂમિકા બાદ શ્રી યોગેશદાન ગઢવીએ પોતાની અદામાં કાર્યક્રમની શરૂઆત કરી હતી. બેન્જો, તબલા અને વાયોલિનની સંગીતની સુરાવલીઓથી આખો હૉલ ગાજી ઊઠ્યો. શિયાળાની આટલી ઠંડીમાં પણ રાત્રીના ૯-૦૦ વાગ્યે આખો હૉલ ભરચક હતો અને તે પણ કોઈ જાહેરાત વગર આમ કાર્યક્રમની શરૂઆત થઈ.

શ્રી યોગેશદાને તેમની ચારણી શૈલીમાં દુહા-છંદની શરૂઆત કરી હતી અને એક પછી એક કાવ્યો, ગીતો, રચનાઓ લેતા ગયા અને ભાષાના સંદર્ભમાં આપણી રચનાઓ લેતા ગયા અને ભાષાના સંદર્ભમાં આપણી લોકસંસ્કૃતિના સંદર્ભમાં કૃતિઓ રજૂ કરતા ગયા સાથે ગુજરાત વિદ્યાસભાના ભૂતકાળના ભવ્ય ઉદાહરણ, તે સમયની વાસ્તવિકતા અને તે સમયના લોકોની જીવનશૈલી તેમજ આજના લોકોની જીવનશૈલી વિશે માર્મિક ઉદાહરણો રજૂ કર્યાં હતાં. નવી જીવનશૈલીથી ઊભા થતા પ્રશ્નો, એકાંતિક જીવન, અર્થપ્રાધાન્ય જીવનરીતિ, આંતરિક બાહ્ય સંઘર્ષ અને તેમાંથી ઊભા થતા પ્રશ્નોથી જીવનના ચઢાવ ઊતર વિશે કેટલીક પ્રાસંગિક રજૂઆત કરી હતી. સાથેસાથે આપણા જીવનના વિવિધ પાસાઓ સંસ્કાર, વટ, વાચન, વ્યવહાર, લગ્નજીવન, સંયુક્ત પરિવાર વગેરેની માર્મિક વાતો કરી હતી. અસહિષ્ણુતા અહિંસાની વાત કરતાં એમણે મૂળીના પરમાર દરબારોનો દાખલો આપ્યો હતો. એક તેતર પક્ષીની રક્ષા કરવા માટે લડી લેનાર રાજપૂતોના શૌર્યની વાત રસપ્રદ રીતે મૂકી હતી.

છેલ્લે તેમણે કહ્યું હતું કે મારા કોઈ ઈષ્ટદેવ હોય તો તે સરહદ પર રહીને દેશની રક્ષા કરતા યુવાનો છે.

જીવતાને સલામ અને મૃતને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે તે મારી દૃષ્ટિએ આપણી ત્રણ દેવીઓ (શક્તિઓ) છે લક્ષ્મી, સરસ્વતી અને મહાકાલી. તે પણ એ શહીદ સૈનિકોની માતા, પત્ની અને દીકરીઓ જ ગણાવી હતી. કાર્યક્રમના સમાપન વખતે શિવાજીનું હાલરડું અને કસુંબીનો રંગ ગાઈ મેઘાણીને યાદ કર્યા હતા, એ વખતે આખો હૉલ અદબ સાથે ઊભો થઈ ગયો હતો.

આજના આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના એક મોટા હોદ્દા ઉપર હોવા છતાં યોગેશદાન ગઢવીએ આજે મન મૂકીને આખો કાર્યક્રમ એમણે જ સંભાળ્યો હતો.

## એચ. કે. આર્ટ્સ કૉલેજ હીરક મહોત્સવની ઉજવણી

એચ.કે. આર્ટ્સ કૉલેજના ૬૦મા વર્ષની ઉજવણી (હીરક મહોત્સવ) નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ડૉ. ઓ.પી.કોહલી સાહેબનું કૉલેજ પરિસરમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કુમારી આરાધનાએ સુંદર પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ કર્યો. ટ્રસ્ટના પ્રમુખ પદ્મશ્રી બાલકૃષ્ણ દોશીએ સંસ્થા વતી રાજ્યપાલશ્રીનું સન્માન કર્યું. આચાર્યશ્રી સુભાષ બ્રહ્મભટ્ટે સંસ્થાનો સંક્ષિપ્ત પરિચય આપીને રાજ્યપાલશ્રીનું સ્વાગત કર્યું.

આ પ્રસંગે આર્ટ્સ કૉલેજ દ્વારા ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈનું પદ્મશ્રીની ઉપાધિ પ્રાપ્ત કરવા બદલ સન્માન કરવામાં આવ્યું. ડૉ. દેસાઈએ ૧૬૮ વર્ષ જૂના એવા ગુજરાત વિદ્યાસભા ટ્રસ્ટનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો. ત્યારબાદ હિન્દી-ઉર્દૂ-કાવ્ય મુશાયરો યોજાયો જેમાં કવિ ચીનુ મોદી, કવિ હર્ષદેવ માધવ, કવિ સુલ્તાન અહેમદ, કવિ સાદિક નૂરપઠાણ અને કવિ ગોવર્ધન બંજારાએ તેમની સુંદર રચનાઓ પ્રસ્તુત કરી.

૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે કૉલેજના આચાર્યશ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. રવીન્દ્ર ખાંડવાલા તથા ડૉ. હસમુખ બારોટ દ્વારા સંપાદિત 'સંસ્કૃત સાહિત્યમાં રાષ્ટ્રની સંકલ્પના', ડૉ. રવીન્દ્ર ખાંડવાલા દ્વારા સંપાદિત 'બ્રહ્મસૂત્ર ચતુઃસૂત્રી' તથા ડૉ. ધર્મિષ્ઠા ગોહિલ દ્વારા સંપાદિત 'ભારતીય મનોવિજ્ઞાન' એવાં ત્રણ પુસ્તકોનું લોકાર્પણ રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ઉજવણીના ભાગ રૂપે કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ UPSC (IAS - IPS)ની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરીને IAS-IPS બન્યા છે એવા શ્રી પ્રદીપસિંહ સક્તાવત, સુરેન્દ્રનગર SP શ્રી રાજેન્દ્ર અસારી તથા મોરબીના SP શ્રી રાજન સુસરાનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીએ કૉલેજનો ગૌરવવંતો ઇતિહાસ સાંભળીને ખૂબ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, ''ગુજરાતની કૉલેજોમાં એચ.કે. આર્ટ્સનું સ્થાન ઉત્તુંગ શિખર જેવું છે, જેનાં ઘણાં નાનાં-નાનાં અન્ય શિખરો પણ છે. કૉલેજના લક્ષ્યોથી હું ઘણો પ્રભાવિત થયો છું. એક શાલીનતાપૂર્વકનો શૈક્ષણિક સંસ્થાનો કાર્યક્રમ કેવો હોઈ શકે ? તે અહીં આવીને ખાતરી થઈ. ઉચ્ચ શિક્ષણનો ઉદ્દેશ જ્ઞાનનું સર્જન, જ્ઞાનનું સંપ્રેષણ અને જીવનમાં તેનું આચરણ એ ત્રણ કાર્યોનો હોઈ શકે. આ ઉચ્ચશિક્ષણમાં જે આ ત્રણ અપેક્ષાઓ છે, તે આ કૉલેજમાં પરિપૂર્ણ થતી જોઈ શકાય છે. શિક્ષણના પૂર્ણતા ત્યારે કહેવાય કે જ્યારે જ્ઞાનનો ભંડાર ઉત્તરોત્તર વધતો રહે અને આવનારી પેઢીમાં પ્રવાહિત થઈ વ્યવહાર અને આચરણમાં ઊતરે, દિનચર્યામાં એકરૂપ થઈ જાય. આવી આદર્શ સ્થિતિ આ કૉલેજમાં વિદ્યમાન છે તેનો મને આનંદ છે.''

ડૉ. હિના સક્સેનાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને અંતમાં આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સંપન્ન થયો.

## હિસાબ તથા ઊપજ-ખર્ચ

| | આવક | ખર્ચ | વધારો/ઘટાડો |
|---|---|---|---|
| ગુજરાત વિદ્યાસભા | ૪૧૫૬૬૭ | ૮૩૩૧૦૭ | – ૪૧૭૪૪૧ |
| ગુજરાત વિદ્યાસભા ઈમારત અને વિકાસ ફંડ | ૧૫૨૪૧૯૯ | ૧૦૭૫૦૭૬ | ૪૪૯૧૨૩ |
| ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ | ૫૪૭૬૪૦૬ | ૩૬૦૮૬૦૭ | – ૧૮૬૭૭૯૯ |
| | **૭૪૧૬૨૭૨** | **૫૦૧૬૭૯૦** | **– ૧૮૯૯૪૮૧** |

આમ સને ૨૦૧૫-૧૬નાં વર્ષમાં ગુજરાત વિદ્યાસભાની કુલ વાર્ષિક આવક રૂ. ૫૪૭૬૪૦૬-૦૦ છે અને ખર્ચ રૂ.૫૦૧૬૭૯૦-૦૦ થયો છે એટલે વર્ષ આખરે રૂ. ૧૮૯૯૪૮૧-૦૦ ખર્ચ કરતાં આવકનો વધારો થાય છે.

## ટ્રસ્ટ ફંડો

૨૦૧૫-૧૬ના વર્ષની શરૂઆતમાં ગુજરાત વિદ્યાસભા હસ્તકનાં સ્થાયી ટ્રસ્ટફંડોની કુલ રકમ રૂ. ૮૪૧૪૨૯૭ હતી જેમાં વર્ષ દરમિયાન નવાં ફંડો, વ્યાજ તથા અન્ય રકમ રૂ. ૭૬૭૪૦૨ ઉમેરાતાં કુલ રકમ રૂ. ૯૧૮૧૬૯૯ થઈ છે. આ રકમ પૈકી જુદાં જુદાં ફંડો ખાતે ઉધારેલી રકમ રૂ. ૪૭૭૩૭૨ બાદ જતાં વર્ષ આખરે રૂ. ૮૭૦૪૩૨૭ જમા રહે છે જે નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| નિશાળ માટેનાં ફંડો | ૫૨૦૩૪૨-૦૦ |
| પુસ્તકાલય માટેનાં ફંડો | ૨૧૦૭૨૮-૦૦ |
| સંસ્થાઓને આપવા માટેનાં ફંડો | ૨૩૨૫૩૯-૦૦ |
| ઉચ્ચ અભ્યાસ-સંશોધન માટેનાં ફંડો | ૨૨૫૩૮૨૬-૦૦ |
| પ્રકાશન માટેનાં ફંડો | ૧૮૮૦૮૯૬-૦૦ |
| ઈનામો માટેનું ફંડ | ૧૬૭૫૦૦૦-૦૦ |
| શિષ્યવૃત્તિ માટેનું ફંડ | ૧૯૩૦૯૯૬-૦૦ |
| **કુલ ફંડો** | ૮૭૦૪૩૨૭-૦૦ |

ગુજરાત વિદ્યાસભા પાસે સ્થાયી ફંડો સિવાયનાં અન્ય ફંડો ખાતે વર્ષ આખરે રૂ. ૪૧૫૯૪૧૬ જમા રહે છે.

### ગુજરાત વિદ્યાસભાને વર્ષ દરમિયાન મળેલ મેગેઝીન

⊙ **ગુજરાતી પખવાડિક** : ૧. ભૂમિપુત્ર, ૨. નિરીક્ષક, ૩. સર્વોદય પ્રેસ, ૪. દલીત અધિકાર, ૫. નયા માર્ગ

**માસિક** : ૧. નવચેતન, ૨. હિંદુ મિલન મંદિર, ૩. ઘરશાળા, ૪. આર્થિક વિકાસ

૫. પરબ, ૬. પ્રબુદ્ધ જીવન, ૭. વિ. વિદ્યાનગર, ૮. ભાગવતામૃતમ
૯. રામકૃષ્ણ જ્યોત, ૧૦. ઓળખ, ૧૧. પ્રત્યક્ષ, ૧૨. કુમાર,
૧૩. શબ્દસર, ૧૪. પ્રગતિશીલ શિક્ષણ, ૧૫. સુખીજીવન, ૧૬. શબ્દસૃષ્ટિ

**ત્રિમાસિક** : ૧. એતદ્, ૨. હયાતી, ૩. મીરાયન, ૪. ફાર્બસ ગુજરાતી સભા
૫. રામકથા

⊙ **અંગ્રેજી** : ૧. Prubuddha Bharat, ૨. SAMBODHI


## ગુજરાત વિદ્યાસભા - કારોબારી સમિતિ

**પ્રમુખ** : બાલકૃષ્ણ વી. દોશી
**ઉપપ્રમુખ** : કુમારપાળ દેસાઈ
**માનાર્હ મંત્રી** : અંબરીષભાઈ શાંતિલાલ શાહ
**માનાર્હ સહમંત્રી** : રાજેન્દ્ર નટવરલાલ મહેતા (અવસાન : ૧૨-૯-૨૦૧૪)

**સભાસદો**

આરમઈતી ફીરોઝ દાવર
પુરુસોત્તમદાસ જી. પટેલ
પ્રફુલ્લભાઈ નર્મદાશંકર મહેતા
સુરેશ કૃપાશંકર શુક્લ
હસમુખ સી. પટેલ
મેરુભાઈ મગનલાલ ઝિંઝુવાડિયા (અવસાન ૨૫-૬-૨૦૧૬)
અંબાલાલ માધવલાલ પટેલ
મદનમોહન બિહારીભાઈ વૈષ્ણવ
હરિપ્રસાદ ડાહ્યાભાઈ પાઠક (અવસાન ૬-૭-૨૦૧૫)
મુગટલાલ પોપટલાલ બાવીસી
મધુસૂદન હીરાલાલ પારેખ
બિપીનચંદ્ર ચંદુલાલ શાહ
પ્રિ. સુભાષભાઈ વાડીલાલ બ્રહ્મભટ્ટ
સુબંધુ રસિકલાલ પરીખ
નિરંજન નરહરિ ભગત
પૌલોમીબહેન રાજીવભાઈ

## બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ એક્ઝિક્યૂટિવ કમિટી

(૧) બાલકૃષ્ણ વી. દોશી (૨) કુમારપાળ દેસાઈ (૩) અંબરીષભાઈ શાહ
(૪) રાજેશભાઈ જયકૃષ્ણભાઈ (૫) રઘુવીર ચૌધરી

## રા. બ. રણછોડલાલ છોટાલાલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા

### દેસાઈની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : ૨૨૧૪૭૮૯૧

રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા ખાડિયા વિસ્તારમાં માત્ર કન્યાઓને જ કેળવણી આપતી ૧૨૩ વર્ષથી કાર્યરત છે. આ સંસ્થાનો ધ્યેય છે વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ કરી જીવનનિર્વાહ કરવા સક્ષમ બનાવવી. ૧૨૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી સફળતાનાં સોપાન સર કર્યાં છે.

શાળામાં દર વર્ષે અભ્યાસેતર પ્રવૃત્તિઓ તથા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, જેમાં શિક્ષકો દ્વારા તથા ગુજરાત વિદ્યાસભા તરફથી ઇનામો આપવામાં આવે છે.

તા. ૧૯/૬/૧૫ના રોજ શાળાનો **પ્રવેશોત્સવ** ડી.ઈ.ઓ. કચેરીના આદેશ અનુસાર મ્યુ.શાળા નં. ૧૦માં ઊજવવામાં આવ્યો. મ્યુ.શાળા - ૧૦નાં આચાર્યાબહેન તેમજ આપણી શાળાનાં ઇન્ચાર્જ આચાર્યા શ્રી કલ્પનાબહેને પ્રસંગોચિત પ્રવચન કર્યું. ''ભણતર એ ભવનો દીવો છે.'' ''અભણ અને આંધળો એક સમાન'' જેવી સાક્ષરતા અને નિરક્ષરતાની તુલનાત્મક ઉક્તિઓ સમજાવી. મનુષ્ય ગૌરવગાન દ્વારા મનુષ્યની ક્ષમતાની સમીક્ષા કરવામાં આવી.

તા. ૨૧/૬/૧૫ને રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં શાળાએ ઉત્સાહભેર ભાગ લીધો. ૫૨ વિદ્યાર્થિનીઓ + ૩ શિક્ષકો યોગ માટે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે ગયાં.

તા. ૨૩/૬/૧૫ને મંગળવારના રોજ શાળામાં **વર્ગ-પ્રતિનિધિની ચૂંટણી** યોજવામાં આવી. શ્રેણી ૯ થી ૧૨ના વર્ગોમાં પ્રતિનિધિઓ ચૂંટાયા. ચૂંટાયેલ પ્રતિનિધિઓ દ્વારા પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી તથા વિવિધ સમિતિઓ જેવી કે શિસ્ત, સફાઈ, પ્રવાસ, મનોરંજન, પાણી, રમતગમત વગેરેની રચના થઈ.

તા ૩/૭/૧૫ને શુક્રવારના રોજ **''ડિજિટલ ઇન્ડિયા વીક''** સપ્તાહ ઉજવણી અન્વયે કાલુપુર રેલવેસ્ટેશન ખાતે બાળાઓને લઈ જવામાં આવી. પોસ્ટઑફિસમાં ટપાલ અંગેની કામગીરી વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી.

તા. ૧/૭/૧૫ થી તા. ૭/૭/૧૫ સુધી **''ડિજિટલ ઇન્ડિયા વીક''** ઉજવણીના ભાગ રૂપે બાળાઓને વિવિધ જાણકારી આપવામાં આવી. બાળાઓને પોસ્ટ-ટેલિગ્રાફ-ટેલિકોમ્યુનિકેશનની માહિતી આપવામાં આવી.

તા. ૪/૭/૧૫ને શનિવારના રોજ શાળામાં વાલી દિન રાખવામાં આવ્યો. ગુણવત્તાસુધારલક્ષી સૂચનો કરવામાં આવ્યાં. વાલીઓ સાથે ખોરાક-પોષણ, સ્વચ્છતા અને આરોગ્યવિષયક સૂચનો કરવામાં આવ્યાં.

તા. ૧૬/૭/૧૫ને ગુરુવારના રોજ CEE દ્વારા પર્યાવરણ શિક્ષાકેન્દ્ર શ્રી રૂચિર શાહ દ્વારા **''પાણી બચાવો''** વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું. એક મિનિટમાં કેટલું પાણી વેસ્ટ થાય છે તે પ્રૅક્ટિકલ દ્વારા દર્શાવવામાં આવ્યું. આહાર-પોષણ કડીઓ, ઈવેસ્ટ, ચિત્ર દ્વારા પાણીના સ્રોત વિશે સમજાવવામાં આવ્યું.

તા. ૨૯/૭/૧૫ને બુધવારથી તા. ૧/૮/૧૫ને શનિવાર સુધી ગૌરી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૨૯/૭/૧૫ : મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, આરતી સુશોભન.

તા. ૩૦/૭/૧૫ : વન મિનિટ સ્પર્ધા, હેર સ્ટાઇલ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ.

તા. ૩૧/૭/૧૫ : ગુરુપૂર્ણિમા દિન ઊજવાયો જેમાં ગુરુવંદના, ગુરુપૂજન તથા વક્તવ્ય જેવા કાર્યક્રમોનું આયોજન થયું.

તા. ૧/૮/૧૫ : બોધવાર્તા, લોકગીત, સમૂહગીત, લગ્નગીત જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બાળાઓને વ્રતના છેલ્લા દિવસે સૂકા મેવાના પ્રસાદનું વિતરણ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું.

તા. ૧૩/૮/૧૫ના રોજ ADI શ્રી આશાબહેન શાહ તેમજ કચેરીના અન્ય સાહેબશ્રી દ્વારા વાર્ષિક નિરીક્ષણ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ માટે રેસ્ટરૂમ તથા સફાઈ અંગેનાં સૂચનો કર્યાં.

તા. ૧૪/૮/૧૫ ના રોજ સંતકૃપા પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા રાષ્ટ્રપ્રતીકોનું સન્માન કરવું, રાષ્ટ્રધ્વજની સાઇઝ, રંગોનું મહત્ત્વ, અશોકચક્રનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું.

તા. ૧૫/૮/૧૫ના સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી અન્વયે ડી.ઈ.ઓ. કચેરીના આદેશાનુસાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૩/૮/૧૫ : સ્વચ્છતા-અભિયાન.

ખાડિયાગેટ શહીદ ખાંભીની સફાઈ, શાળા સફાઈ કરવામાં આવી.

તા. ૧૪/૮/૧૫ : વૃક્ષારોપણ અને પર્યાવરણ.

ચિત્રસ્પર્ધાનું આયોજન શ્રી હેમાબહેન દ્વારા કરવામાં આવ્યું. શાળાના કૂંડામાં આરોગ્યલક્ષી વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. દેના બેંકના શ્રી મહેશભાઈ રામી દ્વારા આઝાદીના ખ્યાલ, દેશપ્રેમ, દેશદાઝ વિશે વક્તવ્ય આપવામાં આવ્યું. તા. ૧૫/૮/૧૫ના રોજ રાયપુર ચકલા ખાતે સમૂહ ધ્વજવંદન કાર્યક્રમ ઊજવાયો જેમાં બળાઓ, સ્ટાફગણે ઉત્સાહભેર ભાગ લીધો.

તા. ૧૯/૮/૧૫ના રોજ યુવા મહોત્સવ કાર્યક્રમ જી.સી.ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યો. શાળાની વિદ્યાર્થિનીઓએ લોકનૃત્ય, ભારતનાટ્યમ્, નિબંધલેખન, ભજન, લગ્નગીત, એકપાત્રીય અભિનય જેવી સ્પર્ધામાં ભાગ લીધો.

તા. ૨૪/૭/૧૫થી ખાડિયા વૉર્ડકક્ષાની કબડ્ડી, ખો-ખો, વૉલીબૉલ, દોડ, કૂદ, ફેંક જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાની બાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રથમ, દ્વિતીય આવનાર બાળાઓ જિલ્લાકક્ષાએ રમવા ગયાં.

તા. ૧/૯/૧૫થી જ્ઞાન સપ્તાહ ઉજવણી કરવામાં આવી. તા. ૧/૯/૧૫ : શાળાસફાઈ - વર્ગસુશોભન વિજ્ઞાન સ્પર્ધા - ઘડિયા ગાન સ્પર્ધા - દાખલાગણન સ્પર્ધા – સામાન્ય ક્વીઝ સ્પર્ધા - નિર્ણાયકશ્રી નીલાબહેન, વિમલભાઈ.

તા. ૨/૯/૧૫ : સમૂહવાચન - વક્તૃત્વ - સરદાર વલ્લભભાઈ નિબંધલેખન. વિષય :- આજના યુવાનો અને ફેશન, અબ્દુલ કલામનું જીવનચરિત્ર, જો હું શાળામાં આચાર્ય હોઉં તો ?, પુસ્તકોની મૈત્રી, દીકરી વ્હાલનો દરિયો સ્પર્ધાનું આયોજન થયું.

કાવ્યપઠન - શ્રેણી ૯, ૧૦ની બાળાઓ દ્વારા હાજી કાસમ તારી વીજળી

ગોવિંદો પ્રાણ અમારો રે....

નિર્ણાયક તરીકે શ્રી ગીતાબહેન, ભાનુબહેને કામગીરી બજાવી. તા. ૩/૯/૧૫ સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી.

શિક્ષક તરીકેની સારી કામગીરી બદલ પ્રથમ, દ્વિતીય, તૃતીય ઇનામ આપ્યાં. શિક્ષકશ્રીઓએ બાળાઓની દેખરેખ તથા જરૂરી સૂચનો આપ્યાં, સેમિ. કાર્ય કર્યું.

તા. ૪/૯/૧૫ : પ્રભાતફેરી - વૃક્ષારોપણ - પ્રૉજેક્ટ પ્રદર્શન - વાલીઓને આમંત્રણ આપવામાં આવ્યું.

શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે માન. વડાપ્રધાનની શાળાના બાળકો સાથે વાર્તાલાપ કરનાર સદર કાર્યક્રમ બાયસેગ પર વિદ્યાર્થિનીઓ તથા શિક્ષકોએ નિહાળ્યો.

તા. ૮/૯/૧૫ : ''નઈ દિશાયેં'' દ્વારા વ્યવસાયલક્ષી-માર્ગદર્શન શ્રેણી - ૧૦,૧૨ની બાળાઓ ને આપવામાં આવ્યું.

તા. ૧૪/૯/૧૫ : રોજ ડી.ઈ.ઓ. કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાન સંબંધી પરિપત્ર આપવામાં આવ્યો. આ કાર્યક્રમ અન્વયે શાળામાં વર્ગ સફાઈ, શૌચાલય સફાઈ કરવામાં આવી. ચિત્ર, નિબંધ, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે નિબંધ તથા વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. વિજેતા બાળાઓ SVS કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આઈ.પી.મિશન સ્કૂલ ખાતે મોકલી. તા. ૧૫/૯/૧૫ના રોજ શાળાની શ્રેણી-૧૧,૧૨ની વિદ્યાર્થિનીઓ સાથે કૅન્સર હૉસ્પિટલની મુલાકાત દરમ્યાન શ્રી હેમાબહેન, શ્રી વિમલભાઈ અને શ્રી દિવ્યાબહેન સાથે રહ્યાં.

૧૬/૯/૧૫ : યુવા મતદાર મહોત્સવ ૨૦૧૫ અન્વયે શાળામાં મતદાર જાગૃતિ માટે શ્રી દુર્લભભાઈ, શ્રી ઠાકરશીભાઈ તથા શ્રી નીલાબહેન દ્વારા સમજૂતી આપી. મતદાર નોંધણી, બી. એલ. ઓ. ની કામગીરી, વયસ્ક નાગરિકની ફરજ, હક વિશે વિશેષ જાણકારી આપવામાં આવી. એક મતનું મૂલ્ય શું છે ? સવિસ્તાર સમજાવવામાં આવ્યું.

તા. ૧૯/૯/૧૫ના રોજ વૉર્ડ કક્ષાના યુવા મહોત્સવમાં વિજેતા થયેલ બાળાઓની નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, યોજાઈ. શીઘ્ર વક્તૃત્વ - પ્રથમ ત્રિવેદી ખુશી; નિબંધ સ્પર્ધા - વસાણી નિરાલી, પ્રજાપતિ દેવાંશી, ક્રમશઃ તૃતીય, દ્વિતીય નંબરે રહ્યાં.

તા. ૨૬/૯/૧૫ના રોજ આઈ.પી.મિશન સ્કૂલ ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ, જેમાં S.V.S. ખાતે ત્રિવેદી ખુશી પ્રથમ નંબરે આવ્યા. રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યાં.

તા. ૧૭/૧૦/૧૫ને શનિવારના રોજ દેસાઈની પોળ, અખા ભગતના ચોકમાં પોળના રહીશો શ્રી મૈત્રીબહેન, ડૉ. હિમાંશુભાઈની આગેવાની હેઠળ ગરબા મહોત્સવ યોજાયો. પોળ તરફથી બાળાઓને લ્હાણી આપવામાં આવી. સુંદર તાલબદ્ધ રમતી બાળાઓને પોળ તરફથી પ્રથમ, દ્વિતીય, તૃતીય રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા. શાળા તરફથી પ્રસાદની વહેંચણી કરવામાં આવી. ઇનામ આપવામાં આવ્યાં.

તા. ૨૮/૧૦/૧૫ : ગૌવિજ્ઞાન અનુસંધાન શાખાના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ દવેએ ગૌરક્ષા, ગાયના દૂધ

- ઘી - મૂત્રની આયુર્વેદ ઉપયોગિતા વિશે સૌને માહિતગાર કર્યા.

તા. ૩/૧૧/૧૫ના રોજ પ્રથમ કસોટી પરિણામ વાલી દિન રાખવામાં આવ્યો. બાળકોની ગુણવત્તા સુધાર, ખોરાક-પોષણ સંબંધી વાર્તાલાપ કરવામાં આવ્યો.

તા. ૪/૧૧/૧ના રોજ દીવડાં સુશોભન કાર્યક્રમ ઊજવાયો. જેમાં સુંદર દીવડા બનાવનાર વિદ્યાર્થિનીને ઈનામ આપવામાં આવ્યું.

તા. ૫/૧૧/૧૫ના રોજ દિવાળીકાર્ડ સુશોભનની સ્પર્ધા યોજવામાં આવી. બાળાઓએ પોતાની કલાકારીગરીથી સુંદર કાર્ડ તૈયાર કર્યાં. ખૂબ સુંદર કામગીરી કરનાર બાળાઓને ઈનામ આપવામાં આવ્યાં.

તા. ૧૦/૧૨/૧૫ના રોજ શ્રી દુર્લભભાઈ, શ્રી ઠાકરશીભાઈએ R.T.O.ના પરિપત્ર અન્વયે સગીરવયની બાળાઓએ ડ્રાઈવિંગ લાયસન્સ વગર વાહન નહીં હંકારવા, ટ્રાફિકના નિયમો જાણવા, પાળવા તેમજ દંડ અને સજા વિશે માહિતગાર કર્યા.

તા. ૨૦/૧૨/૧૫ના રોજ શાળાનો શૈક્ષણિક પ્રવાસમાં કચ્છ-ભૂજ-માંડવી ખાતે ૫૪ વિદ્યાર્થી + ૩ શિક્ષકો ગયાં.

તા. ૨૮/૧૨/૧૫ શાળામાં શ્રીજી હેન્ડિક્રાફ્ટ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આર્ટ વર્કશોપ ચાર દિવસ માટે યોજાયો. જેમાં બાળાઓ કેમિકલ ફ્લાવર, સ્ટોકીન્સ ફ્લાવર, એમ્બોઝ પેઈન્ટ, ગ્લાસ પેઈન્ટિગ શીખી. બાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

તા. ૧૨/૧/૧૬ના રોજ શાળાની ૬૧ બાળાઓ + ૩ શિક્ષકોએ રાય યુનિવર્સિટી, સરોડા રોડ, ધોળકાની મુલાકાત લીધી. ધો. ૧૨ પછીના વ્યવસાયલક્ષી કોર્ષની માહિતી મેળવી.

તા. ૯/૧/૧૬ના રોજ વાનગી સ્પર્ધાનું આયોજન થયું. પૌષ્ટિક આહાર તરફ રસ-રુચિ વધે તે હેતુસર સ્પર્ધા યોજવામાં આવી.

તા. ૯/૧/૧૬થી ટ્રાફિક સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. તા. ૯/૧/૧૬ : વાનગી સ્પર્ધા - સંચાલન : શ્રી ભાનુબહેન અને શ્રી નીલાબહેન.

તા. ૧૦/૧/૧૬ : વ્યાખ્યાન - ટ્રાફિક શિસ્ત - વ્યવસ્થાપન

વક્તા : નિવૃત્ત ડી.વાય.એસ.પી. શ્રી કે.એમ.રાઠોડસાહેબ

તા. ૧૧/૧/૧૬ : ચિત્રસ્પર્ધા સંચાલન : શ્રી હેમાબહેન

નિબંધસ્પર્ધા, શીઘ્ર વક્તૃત્વ : શ્રી ગીતાબહેન

તા. ૧૨/૧/૧૬ : સીડીપ્રદર્શન - ટ્રાફિક સુરક્ષા; વક્તા : શ્રી દિવ્યાબહેન

તા. ૧૩/૧/૧૬ : તત્કાલ સારવાર કેવી રીતે ? વક્તા : ડૉ. કિન્નરીબેન રાઠોડ

તા. ૧૩/૧/૧૬ : શાળાની બાળાઓ સાથે પતંગ ઉત્સવ ઊજવાયો. બાળાઓને પતંગ, દોરી, તલની ચીકી, બોર-જામફળની વહેંચણી કરવામાં આવી.

તા. ૧૫/૧/૧૬ના રોજ ગ્રુપ ચર્ચા - સ્પર્ધાનાં પરિણામ

તા. ૧૬/૧/૧૬ના રોજ પા પા સંથામાંથી સેવ બર્ડ અન્વયે અગાઉ મીટિંગ કરી દોરી એકત્ર કરવા

જણાવેલ, જે થકી સૌથી વધુ દોરી ભેગી કરનારને તેમજ શાળાને ઇનામ આપવામાં આવ્યું. બાળકોના સહકારથી ૫૧/૨ કિલો દોરી એકત્ર કરવામાં આવી.

તા. ૧૩/૨/૧૬ના રોજ બાયસેગ દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. માન. જય વસાવડા તથા પૂ. મોરારીબાપુનું આયોજન પ્રસારિત કરવામાં આવ્યું, જે શાળાના શિક્ષકોએ રસપૂર્વક નિહાળ્યું.

તા. ૨૧/૨/૧૬ થી ૨૬/૨/૧૬ સુધી માતૃભાષા સપ્તાહ ઊજવવામાં આવ્યું.

તા. ૨૦/૨/૧૬ માતૃભાષા ગૌરવ દિન - ગુજરાત વિદ્યાસભા આયોજિત પ્રદર્શન.

તા. ૨૨/૨/૧૬ શ્રેણી - ૯, ૧૧ની વક્તૃત્વસ્પર્ધા : સંચાલન - શ્રી ભાનુબહેન

તા. ૨૩/૨/૧૬ કાવ્યપઠન - પરિચય - શ્રી ગીતાબહેન

તા. ૨૪/૨/૧૬ નિબંધસ્પર્ધા - શ્રી ભાનુબહેન, શ્રી ગીતાબહેન

તા. ૨૫/૨/૧૬ શુદ્ધ જોડણી, કહેવતો, રૂઢિપ્રયોગો, ક્વિઝ સ્પર્ધા

શ્રી હેમાબહેન, શ્રી ગીતાબહેન, શ્રી વિમલભાઈ દ્વારા ઉપરોક્ત સ્પર્ધાઓનું સંચાલન કરવામાં આવ્યું.

તા. ૨૬/૨/૧૬ના રોજ શ્રેણી ૧૦, ૧૨ નો શુભેચ્છા સંદેશ કાર્યક્રમ યોજાયો. શ્રી વિનુભાઈ, શ્રી મયૂરભાઈ (ઉન્નતિ પ્રા. શાળા), શ્રી ગીતાબહેન (નિવૃત્ત શિક્ષક)ની ઉપસ્થિતિમાં યોજાયો - ઇનામવિતરણ કરવામાં આવ્યું. પ્રસંગોચિત પ્રવચન કરવામાં આવ્યું. અંતે અલ્પાહાર આપવામાં આવ્યો. સૌથી વધુ પુસ્તક વાંચનાર વિદ્યાર્થિની અને શિક્ષકને શ્રી સુનિતાબહેન ટેકરીવાલા તરફથી ઇનામ આપવામાં આવ્યાં.

તા. ૨૭/૨/૧૬ના રોજ ''હિંસા વિરોધક સંઘ'' દ્વારા જીવદયા, અહિંસા, પશુરક્ષા તથા પર્યાવરણ સુરક્ષા જેવા હેતુને ધ્યાનમાં રાખી પ્રવચન કર્યું. તેમને લેખિત નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.

તા. ૨૭/૨/૧૬ના રોજ બ્રહ્માકુમારીઝ સંસ્થા તરફથી 'સ્વચ્છ, સ્વસ્થ, સ્વર્ણિમ ભારત' વિશે માહિતી આપી શ્રી ઉમાબહેન, બિપીનભાઈ, મનીષાબહેન, ભારતીબહેન દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું. પવિત્ર મન રખો, પવિત્ર તન રખો જીવનમાં ઉતારવી એમ જણાવવામાં આવ્યું.

તા. ૧૨/૩/૧૬ : દાંડીયાત્રા દિવસ નિમિત્તે શાળામાં પ્રવચન કાર્યક્રમ યોજાયો. ગાંધીજીના વિચારો - દાંડીયાત્રાનું મહત્વ - બારડોલી સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ વિશે બાળાઓને માહિતગાર કરવામાં આવી.

તા. ૧૫/૩/૧૬ : ગ્રાહક સુરક્ષા દિન નિમિત્તે શ્રેણી. ૧૧ ની બાળાઓને ''જાગો ગ્રાહક જાગો'' વિષય પર જાણકારી શ્રી સુનિતાબહેને આપી.

તા. ૧૭/૩/૧૬ના રોજ જ્યુબિલી હૉસ્પિટલમાંથી GNM (જનરલ નર્સિંગ)માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દ્વારા અંધશ્રદ્ધા વિરોધી નાટક રજૂ કરવામાં આવ્યું : ''જિંદગીમાં ભૂવા નહિ ડૉક્ટરની જરૂરિયાત છે.'' પ્રદૂષણ (ધ્વનિ, વાયુ, પાણી) કેવી રીતે ફેલાય છે તે પ્રદર્શન દ્વારા દર્શાવ્યું.

ઉપરોક્ત પ્રવૃત્તિઓની ફોટોગ્રાફી, સીડી કરેલ છે જે જે-તે કચેરીને મોકલી આપેલ છે.

**– કા. આચાર્યા,**
**શ્રી કલ્પનાબહેન મેઘા**

## આર. બી. આર. સી. પ્રાથમિક કન્યાશાળા

### અમૃતલાલની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૨૧૪૩૫૦૫

શહેરના ખાડિયા વિસ્તારમાં આવેલી શ્રી આર.બી.આર.સી. પ્રાથમિક શાળા ખાડિયા વિસ્તારના હાર્દ સમી છે. શાળાની સ્થાપના ઈ.સ.૧૮૯૨માં થઈ હતી. શાળાનો મુખ્ય ધ્યેય બાળકોમાં રહેલી શક્તિઓને બહાર લાવી તેમનો સર્વાંગી વિકાસ કરવાનો છે. શાળામાં વર્ષ દરમ્યાન ઘણી બધી પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે કરાવવામાં આવે છે.

તા. ૧૫/૬/૧૫ : દરેક વર્ગમાં લોકશાહી ઢબે વર્ગમૉનિટર અને પ્રતિનિધિની ચૂંટણી કરવામાં આવી હતી અને વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

તા. ૨૦/૬/૧૫ : સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અક્ષર-સુધારણા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

તા.૨૧/૭/૧૫ : 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' નિમિત્તે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ યોગામાં ૩૫ બાળાઓ અને ૫ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

તા.૨૧/૭/૧૫ : 'શબ્દભંડોળ હરીફાઈ' યોજવામાં આવી હતી. જેના દ્વારા બાળકોમાં ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો વિકાસ થઈ શકે.

તા.૨૭/૭/૧૫ : ગૌરીવ્રત નિમિત્તે 'મહેંદી હરીફાઈ'નું આયોજન કરેલ હતું.

તા.૨૯/૭/૧૫ : 'આરતી સુશોભન' હરીફાઈનું આયોજન કરેલ જેમાં 'વેસ્ટમાંથી બેસ્ટ' વસ્તુઓ વડે આરતીનું સુશોભન કરેલ.

તા.૩૦/૭/૧૫ : શાળામાં વેશભૂષાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં બાળાઓએ વિવિધ થીમ પર વિવિધ વેશભૂષા ધારણ કરેલ.

તા.૩૧/૭/૧૫ : 'ચાંલ્લા હરીફાઈ'નું આયોજન કરેલ.

તા.૧/૮/૧૫ : 'હેર સ્ટાઈલ હરીફાઈ'નું આયોજન કરેલ અને 'વન મિનિટ ગેમ'નું આયોજન કરેલ.

તા.૧૩/૮/૧૫ : પંદરમી ઑગસ્ટ ૨૦૧૫ સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણીના ભાગ રૂપે 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરેલ. જેમાં સમગ્ર શાળાની સમૂહ સફાઈ, વર્ગ સુશોભન સ્પર્ધા, પાણીની ટાંકી સફાઈ, દેસાઈની પોળમાં આવેલી અખા ભગતની પ્રતિમાની સફાઈ તેમજ સ્વચ્છતા અંગે ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં પર્યાવરણ જાળવણી, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન પર સુંદર ચિત્રો દોરેલ હતાં.

તા.૧૪/૮/૧૫ : નિબંધ-સ્પર્ધાનું આયોજન કરેલ તેમજ રંગોળી-સ્પર્ધા, અને દેશભક્તિનાં ગીતોનો સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખેલ હતો.

તા.૧૧/૯/૧૫ : ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ 'શિક્ષક-ચિંતન'

શિબિરમાં આચાર્ય સહિત શિક્ષકોએ ભાગ લીધેલ.

તા. ૧૬/૯/૧૫ : સી.આર.સી. કક્ષાએ યોજાયેલ વિજ્ઞાન-પ્રદર્શનમાં ભાગ લીધેલ. જેમાં પ્રથમ નંબર મેળવી શહેર કક્ષાએ કૃતિ પ્રદર્શિત કરેલ.

શહેર કક્ષાએ પણ સુંદર કૃતિ બનાવવા બદલ બહુમાન મળેલ.

તા. ૧૬/૧૦/૧૫ : નવરાત્રિ પર્વ નિમિત્તે શાળામાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિઓએ હરખભેર ભાગ લીધો હતો અને દરેક વિદ્યાર્થિનીને લહાણી આપેલ.

તા. ૧/૧૨/૧૫ : 'સમાજ શિક્ષણ દિન' નિમિત્તે ફાળો એકત્ર કરી જમા કરાવેલ જેથી સામાજિક પ્રવૃત્તિઓ થઈ શકે.

તા. ૧૨/૧૨/૧૫ : 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા' - ગાયત્રી પરિવાર દ્વારા યોજાઈ હતી જેમાં શિક્ષકો સહિત આખી સ્કૂલે પરીક્ષા આપી જેથી સારા સંસ્કારોનું સિંચન થાય. આ પરીક્ષામાં ધો. ૬નાં ખત્રી રિદ્ધિ ચિરાગભાઈએ સૌથી વધુ ગુણ મેળવ્યા તેથી શહેર કક્ષાએ ભાગ લેવા આમંત્રણ મળ્યું.

તા. ૩૧/૧૨/૧૫ : શાળામાં 'રેડ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બધી જ બાળાઓ લાલ કપડાંમાં સજ્જ થઈને આવેલ હતી.

તા. ૧૦/૧/૧૬ થી ૧૬/૧/૧૬ સુધી 'ટ્રાફિક શિક્ષણ ટ્રેનિંગ' - ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરેલ. જેમાં નિબંધ સ્પર્ધા, સૂત્ર સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, શેરી નાટક, તાત્કાલિક સારવાર અને ટ્રાફિક વિષય અંગે સંવાદનું આયોજન કરેલ.

તા. ૧૩/૧/૧૬ : ઉત્તરાયણ પર્વ નિમિત્તે શાળામાં 'પતંગોત્સવ'નું આયોજન કરેલ હતું. જેમાં શાળા તરફથી પતંગો, બોર, જામફળ, તલ-સાંકળી, ચીકી વગેરેનું વિતરણ કરાયું હતું.

'બેટી બચાવો' થીમ આધારિત સ્લોગનો લખલાં, ચિત્રો દોરેલાં, પતંગો આકાશમાં ઉડાડ્યા હતા.

૨૩/૧/૧૬ : 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી નિમિત્તે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના દ્વારા બાળાઓમાં મત અને ચૂંટણી અંગે જાગૃતિ આવે.

તા.૨૮/૧/૧૬ : શાળામાં ભવ્ય 'વાર્ષિક પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૫ બાળાઓએ ભાગ લીધો હતો. બાળાઓએ પોતાની જાતે બનાવેલા નમૂના, ચાર્ટ્સ, સિવણ-ઉદ્યોગ નમૂના, વિજ્ઞાનના મૉડલો વગેરેના પ્રદર્શનની ઝાંખી હતી.

તા.૩૦/૧/૧૬ : શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય'માં 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે સરદાર પુત્રી 'પૂજ્ય મણિબહેન પટેલ'નું જીવન-કવન વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

તા.૯/૨/૧૬ : સાબરમતી આશ્રમ તરફથી ફિલ્મ કિંડર ગાર્ડનની પ્રવૃત્તિઓ માટે ૧૬ છોકરીઓના ઈન્ટરવ્યૂ લીધા હતા જેમાં... તેઓ ગાંધીજી વિશે શું જાણે છે ? - પરિચય વગેરે...

તા.૨૧/૨/૧૬ : ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થિની ખત્રી રિદ્ધિ ચિરાગભાઈએ શહેર કક્ષાએ - ભાગ લીધેલ.

તા.૧૬/૩/૧૬ : બાઈ જીવકોર લલ્લુભાઈ ટ્રસ્ટ અન્વયે જુ.કે.જી. થી ધો.૮ સુધીની બાળાઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ (૧૬ વિદ્યાર્થી).

તા.૨૦/૩/૧૬ : ગાયત્રી પરિવાર ટ્રસ્ટ તરફથી ગુજરાતના પસંદગીના શિક્ષકો-આચાર્યોને મુખ્ય-તીર્થસ્થાન શાંતિકુંજ, હરદ્વાર ખાતે મહોત્સવમાં ભાગ લેવાનું આમંત્રણ મળેલ, જેમાં મે-માસમાં આપણી શાળાનાં આચાર્યશ્રી તૃપ્તિબહેન શાહે, તા.૧૩/૫/૧૬ થી તા. ૧૭/૫/૧૬ હરદ્વાર ખાતે ભાગ લીધેલ.

આપણી શાળામાં વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન (બન્ને સત્રમાં) દર સોમવારે અઠવાડિક પરીક્ષાનું પણ આયોજન કરેલ.

**– આચાર્યશ્રી, શ્રીમતી તૃપ્તિબહેન એસ. શાહ**

# શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન

## હ. કા. કૉલેજ કંપાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૮૮૬૨

**સંચાલન**

હેવાલવાળા વર્ષ દરમિયાન ભો.જે.ટ્રસ્ટ કાર્યવહક સમિતિની કુલ ૦૧ (એક) બેઠક મળી હતી.

**અધ્યયન કાર્ય :**

સંસ્થાના અનુસ્નાતક કેન્દ્રમાં ભારતીય સંસ્કૃતિ વિષયમાં એમ.એ.ના વર્ગો ચાલે છે. જેમાં એમ.એ. સેમ-૨માં ૦૩ વિદ્યાર્થીઓ અને સેમ-૪ માં ૦૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જેમનાં રીઝલ્ટ જાહેર થવાનાં બાકી છે.

**એમ.ફિલ./પીએચ.ડી. માર્ગદર્શન :**

સંસ્થાના કાર્યકારી નિયામક ડૉ. રામજીભાઈ સાવલિયાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી માટે ગુજરાત યુનિવર્સિટીમાં ભારતીય સંસ્કૃતિ વિષયમાં કુલ - ૦૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. એમાંથી ૦૩ વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાં થીસીસ સબમિટ કરેલ છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ઇતિહાસ વિષયમાં એમ.ફિલમાં ૦૩ અને પીએચ.ડી. પદવી માટે ૦૪ વિદ્યાર્થીઓ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં ૦૩ વિદ્યાર્થીઓ એમ.ફિલ.નો અભ્યાસ કરી રહ્યા છે.

**''સામીપ્ય''**

સંસ્થાના સંશોધન સામયિક ''સામીપ્ય'' પૃ.૩૦ અંક ૧-૪ (એપ્રિલ - ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૪, સુધી)નું

પ્રકાશન હાથ ધરેલ અને પૂર્ણ પ્રકાશિત થયેલ છે. ''સામીપ્ય'' પૃ. ૩૧ અંક ૧-૪ પ્રકાશિત અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

પુસ્તકાલય : ૧૬૮ વર્ષ જૂના ગ્રંથાલયના એક ભાગમાં મણિલાલ પરીખ વાંચનાલયની સગવડ ઊભી કરવામાં આવી છે. જેનો સંસ્થાના ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ અને ગુજરાત તેમજ ભારતની વિવિધ યુનિવર્સિટીઓના સંશોધક વિદ્યાર્થીઓ ઉપરાંત દેશ-વિદેશનાં સંશોધકો અને વિદ્વાનો લાભ લે છે.

**અન્ય કાર્યક્રમો :–**

(૧) ''રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી''નું આયોજન એપ્રિલ, ૨૦૧૫માં કરવામાં આવ્યું હતું.
(૨) પ્રાચીન ગ્રંથોના પ્રદર્શનનું આયોજન જુલાઈ, ૨૦૧૫માં કરવામાં આવ્યું હતું.
(૩) ''શક્તિ દર્શન પ્રદર્શન''નું નવેમ્બર, ૨૦૧૫માં આયોજન કરવામાં આવ્યું હતું.
(૪) ''ગુજરાત વિદ્યાસભાના ઇતિહાસની ઝાંખી'' પ્રદર્શન ડિસેમ્બર, ૨૦૧૫માં ગોઠવવામાં આવ્યું હતું.
(૫) યોગવિદ્યા અંગેની પ્રાચીન હસ્તપ્રતોમાં ફોટોગ્રાફ્સનું પ્રદર્શન જાન્યુઆરી, ૨૦૧૬માં ગોઠવવામાં આવ્યું હતું.
(૬) ''માતૃભાષા દિન''ની ઉજવણી ફેબ્રુઆરી, ૨૦૧૬માં કરવામાં આવી હતી.
(૭) ''વિશ્વ મ્યુઝિયમ દિવસની'' ઉજવણી માર્ચ ૨૦૧૬માં કરવામાં આવી હતી.

**– કા.નિયામક, ડૉ. રામજીભાઈ સાવલિયા**

## શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ

### આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૫૪૨૯

**સંસ્કૃત વિભાગ :**

વર્ષ ૨૦૧૫-૧૬ જૂન મહિનામાં શ્રી શાન મેમન દ્વારા 'રામસેતુ', સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા નિર્મિત 'આધુનિક સંસ્કૃત કવિ હર્ષદેવ માધવ' તેમજ ફાઉન્ડેશન કોર્ષના ભાગ રૂપે રામજન્મભૂમિ-વનવાસ વગેરે સ્થળો દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મો વિદ્યાર્થીઓને બતાવવામાં આવી.

ઑગસ્ટ ૨૦૧૫-૧૬ 'સંસ્કૃત વીકિપીડિયા' વિષયક મિહિર ઉપાધ્યાયે તેમજ 'વાસ્તુશાસ્ત્ર' વિશે સામાન્ય માહિતી Powerpoint Presentation દ્વારા દર્શાવવામાં આવી.

સપ્ટેમ્બર ૨૦૧૫-૧૬ 'People and Book' પરિસંવાદમાં સચિવશ્રી રમતગમત વિભાગ, મનોરંજન વિભાગ ગુજરાત રાજ્ય, શ્રી ભાગ્યેશ જહાએ 'મેઘદૂત' પર વ્યાખ્યાન આપ્યું.

મોરારી બાપુ દ્વારા દર વર્ષે આયોજિત 'સંસ્કૃતસત્ર'માં શ્રી હર્ષદેવ માધવે 'દેવી શક્તિ' વિષય પર વ્યાખ્યાન આપ્યું. સાથે ત્રિદિવસીય સત્રમાં ડૉ. રવીન્દ્રભાઈ ખાંડવાલા અને ડૉ. હસમુખ બારોટ મહુવા સક્રિય રીતે હાજર રહ્યા હતા.

આ ઉપરાંત સાહિત્ય અકાદમીના ઉપક્રમે આયોજિત પ્રાદેશિક સ્તરે કપડવંજ ખાતેની 'સંગોષ્ઠી' કાર્યક્રમમાં હાજરી આપી હતી. સંસ્કૃત સેવા સમિતિ દ્વારા આયોજિત પરિસંવાદમાં ડૉ. હસમુખ બારોટે હાજર રહી સક્રિય

ભાગ લીધો હતો.

૧૫-૧૬ સપ્ટેમ્બર ૨૦૧૫-૧૬ 'સંસ્કૃત સાહિત્યમાં બાળજન્મ, બાળઉછેર અને કેળવણી' વિષય ઉપર ગુજરાત, અમદાવાદ કૉલેજના ૧૨ પ્રોફેસરોએ પોતાના શોધપત્ર રજૂ કર્યા હતા. કાર્યક્રમનું પૂરું સંચાલન ડૉ. રવીન્દ્રભાઈ ખાંડવાલા અને ડૉ. હસમુખ બારોટ દ્વારા થયું હતું.

**સમાજશાસ્ત્ર વિભાગ :**

ઑગસ્ટ ૨૦૧૪-૧૫માં ગુજરાત વિદ્યાપીઠના 'આદિવાસી કેન્દ્રની' મુલાકાત લેવાઈ. ગાંધીજીના જીવનમૂલ્યને સમજી શકે તે માટે 'ગાંધી આશ્રમ'ની મુલાકાત કરાવવામાં આવી. તો સાહિત્ય અને સમાજ વચ્ચેનો સંબંધ વિદ્યાર્થીઓ જાણે તે હેતુસર ધીરુભાઈ વણકરનું વ્યાખ્યાન યોજાયું હતું.

વી.એમ. સાફરિયા મહિલા કૉલેજ - બોટાદમાં રાષ્ટ્રીય પરિસંવાદનો મુખ્ય વિષય 'ગરીબી અને બાળમજૂરી' અંતર્ગત પેપર રજૂ કરાયું.

આ સિવાય ૨૦૧૫ ફેબ્રુઆરીમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. હેમંતકુમાર શાહનું 'સત્યના પ્રયોગો' વિષય પર વ્યાખ્યાન યોજાયું. માર્ચ ૨૦૧૫માં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં 'સ્ત્રીઓની આજની સમસ્યાઓ' ઉપર પેપર રજૂ કર્યું હતું.

**રાજ્યશાસ્ત્ર વિભાગ :**

ગુજરાતની ઐતિહાસિક ઘટનારૂપ ભારત-ચીનના વડાપ્રધાન-રાષ્ટ્રપ્રમુખની મુલાકાતનું જીવંત પ્રસારણ કરાયું. રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ચર્ચા કરાઈ.

**તત્ત્વજ્ઞાન વિભાગ :**

વર્ષ ૨૦૧૫-૧૬ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે રાજચંદ્રજી કેન્દ્ર દ્વારા ૧૦ દિવસીય ધ્યાન શિબિરનું આયોજન થયું. તત્ત્વજ્ઞાનની પ્રાથમિક માહિતી, તર્કશાસ્ત્ર, દલીલ વગેરે કેવી રીતે શોખવું. તેને અંતર્ગત ડિસેમ્બર ૨૦૧૫-૧૬ સાપ્તાહિક ઉજવણી કરવામાં આવી.

પ્રા. ધર્મિષ્ઠા ગોહિલે તત્ત્વજ્ઞાન વિષયનો ધો. ૧૧-૧૨ અભ્યાસક્રમ તૈયાર કર્યો. ગર્ગ પબ્લિકેશન દ્વારા ૪ પુસ્તકોનું પબ્લિકેશન થયું.

પ્રો. એસ. ગરાળાએ ગુજરાત યુનિવર્સિટી ખાતેના રાજ્યકક્ષાના સેમિનાર, રાજકોટ રાષ્ટ્રીય સેમિનારમાં પોતાના વિષયો અનુસાર પેપર રજૂ કર્યા; તો ગર્ગ પબ્લિકેશન દ્વારા તેમનાં બે પુસ્તકો પ્રકાશિત થયાં. વર્ષ દરમિયાન એમ.ફિલ.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શક તરીકે કામ આપ્યું. સૌરાષ્ટ્ર, પાટણ, ગુજરાત, ભાવનગર યુનિવર્સિટી પરીક્ષાને લગતી કામગીરીમાં સક્રિય ભૂમિકા બજાવી.

ડૉ. ધર્મિષ્ઠા ગોહિલે વર્ષ ૨૦૧૪-૧૫માં આકાશવાણી કેન્દ્ર ઉપર 'જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ' સમજાવતો લઘુવાર્તાલાપ આપ્યો. વર્ષ દરમિયાન રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરના સેમિનારોમાં પોતાનું વક્તવ્ય આપ્યું. સાથે યુનિવર્સિટી પરીક્ષાને લગતું કાર્ય કર્યું. તત્ત્વજ્ઞાન વિષયની પ્રાથમિક સમજણ, પ્રશ્નો વગેરેનું જીવંત પ્રસારણ VTV, GSTV ન્યૂઝ ચેનલ દ્વારા... વક્તા ડૉ. ધર્મિષ્ઠા ગોહિલ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ગુજરાતી વિભાગ :**

વર્ષ દરમિયાન લેખક મનુભાઈ પંચોળી 'દર્શક'ના જીવન અને સર્જન ઉપર સાથે 'ઝેર તો પીધાં જાણી જાણી' ફિલ્મ બતાવવામાં આવી.

જુલાઈ ૨૦૧૫-૧૬ : પ્રખ્યાત ગઝલકાર ચિનુ મોદીના કાવ્યપઠનનું આયોજન કરવામાં આવ્યું. 'મધ્યકાલીન ભક્તિ કવિતા' વિષય ઉપર ડૉ. નાથાલાલ ગોહિલનું વ્યાખ્યાન યોજાયું.

સપ્ટે. ૨૦૧૫-૧૬ : ગુજરાતી ભાષાના સંવર્ધન, વિકાસને લગતી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે ગૂજરાત વિદ્યાપીઠ, વિશ્વકોશ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ભો. જે. વિદ્યાભવનની ગુજરાતી વિભાગના પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને મુલાકાત કરાવવામાં આવી.

વર્ષ ૨૦૧૫ પ્રો. અમૃતભાઈ પરમારની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર સ્થિત સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના યજમાનપદે એચ. કે. આર્ટ્સમાં વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

આ ઉપરાંત ૨૦૧૫-૧૬ વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્ય, પ્રાદેશિક સ્તરે વિવિધ પરિસંવાદો, Paper Presentation થયાં જેમાં પ્રો. અમૃતભાઈ પરમારે ઉમાશંકર જોષી, નવલકથાનું વૈવિધ્ય, જૉસેફ મેકવાનની ટૂંકી વાર્તાઓ વગેરે વિષય ઉપર વક્તવ્ય તથા પેપર રજૂ કર્યાં હતાં.

**ભારતીય સંસ્કૃતિ :**

તા. ૧૩-૮-૧૪ના રોજ લોકસાહિત્યના ખ્યાતનામ કલાકાર શ્રી યોગેશ ગઢવીએ 'લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

તા. ૨૦-૮-૨૦૧૪ના રોજ એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓને 'ધોળાવીરા' અને 'આર્કિટેક્ચરલ ઑફ ગુજરાત' પર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી.

તા. ૧૧-૯-૧૪ના રોજ શ્રી મુકેશ પટેલે 'વિવેકાનંદ : યુગપુરુષ' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

તા. ૨૧-૧૧-૧૪ના રોજ 'ગુજરાત ઇતિહાસ અધ્યાપક મંડળ' અને ભારતીય સંસ્કૃતિ વિભાગના ઉપક્રમે 'નૂતન ભારતના ઘડતરમાં શ્રી જવાહરલાલ નહેરુનું પ્રદાન' વિષય પર સેમિનારનું આયોજન કર્યું.

તા. ૨૮-૧-૧૫ના રોજ પ.પૂ. શ્રી અથર્વણ ચિન્મયાનંદજીનું 'ગીતા - ૧૫મો અધ્યાય' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું.

પ્રસિદ્ધ નાટ્યકાર શ્રી યઝદી કરંજિયાનું તા. ૨૯-૧-૧૫ના રોજ 'પારસી રંગભૂમિ' વિષય પર વ્યાખ્યાન ગોઠવાયું.

૩૧-૧-૧૫ના રોજ 'રેડિયો મિર્ચી - ટેલેન્ટ હન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગીત, નૃત્ય સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા અને ઈન્ટર કૉલેજ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

તા. ૯-૪-૧૫ના રોજ 'સહજ ધ્યાન' સંસ્થાના શ્રી જિજ્ઞેશ શેલતનું 'ધ્યાન અને યોગ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન થયું. તા. ૧૪-૪-૧૫ થી તા. ૧૮-૪-૧૫ : ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

'સ્વપ્નવાસવદત્તમ્' અને 'મૃચ્છકટિકમ્' વિષય પર સંસ્કૃત વિષયના વિદ્વાન અધ્યાપક શ્રી રવીન્દ્રભાઈ ખાંડવાલાએ તા. ૧૭-૮-૧૪ અને તા. ૧૮-૮-૧૪ના રોજ વ્યાખ્યાનો આપ્યાં.

**ઈતિહાસ વિભાગ :**

ઈતિહાસ અને ભા. સંસ્કૃતિના સંયુક્ત ઉપક્રમે તા. ૧૩-૮-૧૪ના રોજ અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ ગઢવીનું 'લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ' વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૧-૯-૧૪ના રોજ શ્રી મુકેશ પટેલનું 'વિવેકાનંદ યુગપુરુષ' વિષય ઉપર ભારતીય સંસ્કૃતિના

ઉપક્રમે ગોઠવાયેલ વ્યાખ્યાનમાં ઇતિહાસ વિભાગ જોડાયો હતો.

તા. ૨૯-૧-૨૦૧૫ના રોજ જાણીતા નાટ્યકર્મી શ્રી યઝદી કરંજીયાનું 'પારસી રંગભૂમિ' વિષય ઉપર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. શ્રી કરંજીયાએ પોતાની વિશિષ્ટ શૈલીથી વિદ્યાર્થીઓને પારસી રંગભૂમિથી માહિતગાર કર્યા હતા.

તા. ૨૧-૧૧-૧૫ ના રોજ ઇતિહાસ અધ્યાપક મંડળ અને ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિના ઉપક્રમે 'નૂતન ભારતના ઘડતરમાં શ્રી જવાહરલાલ નહેરુ : સમીક્ષા'' વિષય ઉપર એક દિવસના રાજ્યસ્તરના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના ત્રણ સન્માનનીય ઇતિહાસવિદો ડૉ. શિરિન મહેતા, ડૉ. ઉષાબહેન ભટ્ટ અને ડૉ. ભારતીબહેન શેલતનું સન્માન કરવામાં આવ્યું હતું.

૧૨-૮-૨૦૧૫ના રોજ શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજના સંસ્કૃત વિષયના અધ્યાપક શ્રી રવીન્દ્ર ખાંડવાલાએ 'ભારતની વિવિધ લિપિઓના ઇતિહાસ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનના અંતમાં પ્રશ્નોત્તરી પણ ગોઠવવામાં આવી હતી.

**ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન**

સને ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીની આ પ્રથમ કૉલેજ છે કે જેણે કમ્પ્યૂટર વિષયને કોર (મુખ્ય) વિષય તરીકે શરૂ કરવામાં આવ્યો. ગુજરાત યુનિવર્સિટીમાં કમ્પ્યૂટરને કોર તરીકે ચાલુ કરવામાં આચાર્યશ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ તથા કમ્પ્યૂટર વિભાગના પ્રા. ડૉ. વિમલ પંડ્યાનો ફાળો મુખ્ય રહ્યો છે.

સને ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ વાર નવતર પ્રયોગ કમ્પ્યુટર ઍપ્લિકેશન વિભાગના પ્રા. ડૉ. વિમલ પંડ્યાએ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કર્યો. દરેક સેમિસ્ટરમાં સોફ્ટસ્કિલ અને ફાઉન્ડેશન કોર્સમાં વિદ્યાર્થીઓની ઑનલાઇન (કમ્પ્યૂટર અગર તો સ્માર્ટફોન-મોબાઇલ) પરીક્ષા લેવામાં આવી અને પેપરલેસ પરીક્ષાની શરૂઆત કરી. (બંને ટર્મમાં લગભગ ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓની સૉફ્ટસ્કિલ અને ફાઉન્ડેશનની પરીક્ષા લીધી) આ માટેનું સૉફ્ટવેર કમ્પ્યૂટર એપ્લિકેશન વિભાગના પ્રા. ડૉ. વિમલ પંડ્યા દ્વારા એનરોઇડ બેઝ તેમજ સ્ટૅન્ડલોન બેઝ બનાવવામાં આવ્યું છે. જેની નોંધ સમગ્ર મીડિયા તેમજ વિવિધ યુનિવર્સિટીએ પણ લીધી અને આ નવતર પ્રયોગને બિરદાવ્યો હતો.

સેમિસ્ટર દીઠ (૧, ૩ અને ૨, ૪) વિદ્યાર્થીઓને અલગ અલગ વિષય આપીને ફરજિયાત રિસર્ચ વર્ક (પ્રૉજેક્ટ કાર્ય) કરાવવામાં આવે છે.

કમ્પ્યુટર ઍપ્લિકેશનના પ્રા. ડૉ. વિમલ પંડ્યાએ નવતર પ્રયોગ કરીને એચ. કે. કૉલેજમાં જ કમ્પ્યુટર ડિપાર્ટમેન્ટમાં બેસીને સ્કાયપી થકી ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફૉર ગર્લ્સમાં વિદ્યાર્થીઓ તેમજ ફૅકલ્ટી માટે મોબાઇલ એજ્યુકેશનનું લાઇવ લેક્ચર ફેબ્રુઆરી ૨૦૧૫માં લીધું હતું.

**સેમિસ્ટર ૧ તેમજ ૩ ના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન :**

ઑગસ્ટ ૨૦૧૪ કમ્પ્યૂટર એસેમ્બલ વર્કશોપ
શ્રી વિશાલ હરસોરા

ઑગસ્ટ ૨૦૧૪ સૉફ્ટવેર ઇન્સ્ટોલેશન વર્કશોપ
ડૉ. જ્ઞાનેશ જાની

| | |
|---|---|
| ઑગસ્ટ ૨૦૧૪ | વાયરસ રીમૂવ વર્કશોપ<br>શ્રી આશિષ વ્યાસ |
| સપ્ટેમ્બર ૨૦૧૪ | મલ્ટિમીડિયા વિષયક સેમિનાર<br>એન.આઈ.આઈ.ટી. |
| ફેબ્રુઆરી ૨૦૧૫ | એનિમેશન વિષયક સેમિનાર<br>શ્રી કેયૂર શાહ |
| ફેબ્રુઆરી ૨૦૧૫ | કમ્પ્યૂટરમાં કારકિર્દી<br>શ્રી રામ રાજપૂત |

મે ૨૦૧૫માં સેમિસ્ટર ૪ના વિદ્યાર્થીઓ માટે કમ્પ્યૂટર સંલગ્ન પ્લેસમેન્ટનું આયોજન કર્યું છે.

આ ઉપરાંત કમ્પ્યૂટર એપ્લિકેશન વિભાગ કૉલેજના તમામ કાર્યમાં સહાયભૂત થાય છે.

**પ્લેસમેન્ટ સેલ :**

PCS વોડાફોન કોલ સેન્ટર માટે ૩૦ વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂનું આયોજન.

VWEC કંપની દ્વારા કેરિયર કાઉન્સેલિંગ-સેમિનાર તા. ૨૭-૭-૧૫.

સરકારશ્રીના આદેશ અનુસાર રાઇફલ ટ્રેનિંગ તથા મહિલા કોન્સ્ટેબલ ટ્રેનિંગમાં વિદ્યાર્થિનીઓને મોકલી.

ગુજરાત લૉ સોસાયટી બી.એડ્. કૉલેજમાં કારકિર્દી માટે ૫-૨-૧૫ ના રોજ સેમિનારનું આયોજન કર્યું. જેમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

Shaan Sky Production - મુંબઈ મીડીયામાં કારકિર્દી માટેના ઓડિશનનું આયોજન તા. ૫-૨-૧૫ના રોજ કરવામાં આવ્યું. જેમાં સંસ્થાની તમામ કૉલેજોએ ભાગ લીધો અને લગભગ ૫૨ જેટલા વિદ્યાર્થીઓએ ઓડિશન આપ્યા.

Mangalam કંપની દ્વારા એસોસિએટની જગ્યા માટેના ઇન્ટર્વ્યૂ ૬ જૂન-૨૦૧૫ લેવામાં આવ્યા.

Max Life Insurance Co. દ્વારા જુદી જુદી જગ્યા માટેની પોસ્ટ માટે ઇન્ટરવ્યૂ તથા માર્ગદર્શનનું આયોજન. જેમાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

Mamata - Airwings માં જુદી-જુદી જગ્યા માટેના ઇન્ટર્વ્યૂ તથા માર્ગદર્શનનો સેમિનાર - ૭ એપ્રિલ-૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યો.

Jumbo Jet-aviation Academy દ્વારા જુદી જુદી પોસ્ટ માટે તા. ૧૧, ૧૨, ૧૩ એપ્રિલ-૧૫ના રોજ સેમિનાર તથા માર્ગદર્શન અને રજિસ્ટ્રેશનનું આયોજન.

Brainbow દ્વારા માઇન્ડ ટેસ્ટનો સેમિનાર બે દિવસ માટે કરવામાં આવ્યો જેમાં કૉલેજના લગભગ તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લઈ માઇન્ડ ટેસ્ટ કરાવ્યો.

Career tips Group દ્વારા ટેક્નૉલોજીમાં કેરિયર બનાવવા અંગેના સેમિનારનું આયોજન નવેમ્બર માસમાં કરવામાં આવ્યું.

S. K. Fil,s દ્વારા વિદ્યાર્થીઓની કલાશક્તિ બહાર લાવવા અને કારકિર્દી બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું તા. ૧૦-૧-૨૦૧૫ના રોજ. જેમાં સંસ્થાના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**N. S. S. વિભાગ :**

**ઓરિએન્ટેશન :**

(૧) યુવાનો અને એન.એસ.એસ. વિષય પર વ્યાખ્યાન તા. ૨૭-૭-૨૦૧૪ના રોજ શ્રી સુરેશભાઈ ગઢવીનું ગોઠવવામાં આવેલ. જેમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(૨) વ્યક્તિત્વ-વિકાસ વિષય પર વ્યાખ્યાન તા. ૧૩-૮-૨૦૧૪ના રોજ ડૉ. થોમસ પરમારનું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ૧૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

**સમાજદર્શન - મુલાકાત :**

(૧) ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી કેન્દ્રની મુલાકાત.

(૨) વિકાસગૃહ - પાલડી

(૩) વૃદ્ધાશ્રમ - ઈન્કમટેક્ષ, ચંદ્રભાગા, વાસણા

**તાલીમ :**

(૧) સહકારી શિક્ષણનો ઓપ વર્ગ : તા. ૨૧-૭-૨૦૧૫ થી ૨૬-૭-૨૦૧૫ દરમિયાન ૫૫ વિદ્યાર્થીઓએ તાલીમ લીધી.

(૨) એઈડ્સ નાબૂદી જાગૃતિ કાર્યક્રમ એક દિવસ તાલીમ : દ્વારા ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

(૩) સેમિનાર : બાળમજૂરી નાબૂદી : ૧૫-૧૧-૨૦૧૫

ભારત સરકારનાં શ્રમ વિભાગ દ્વારા યોજવામાં આવ્યો. જેમાં ''ગુમ થયેલાં બાળકો અને આપણી જવાબદારી'' વિષય પર સેમિનાર - રેલી સાથે યોજાયો. જેમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

(૪) માનવ અધિકાર : સેમિનાર :

એક દિવસીય સેમિનાર FPA નાં સહયોગથી યોજાયો. જેમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**દત્તક ગામ, કોમ્યુનિટી વર્ક :**

(૧) અમારા દત્તકગામ નવાપુરા ગામ મુકામે સ્વચ્છતા અભિયાન તા. ૧૯-૯-૨૦૧૫ના રોજ યોજવામાં આવેલ.

(૨) તા. ૨૨-૧૧-૨૦૧૫ના રોજ મેડિકલ ચેકઅપ સેવા કરવા ગયેલા.

**સમાજમાં સામુદાયિક જાગૃતિ માટે નીચેના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.**

(૧) આશ્રમ રોડ ઉપરની ચાની કીટલી તથા નાસ્તાની લારી પર નાની ઉંમરનાં બાળકોને શિક્ષણ તથા જૂના કપડાંનું વિતરણ.

(૨) બાપુનગર, અમરાઈવાડી અને વાડજના રામાપીર ટેકરા વિસ્તારમાં અંધશ્રદ્ધા નિવારણ, પર્યાવરણીય જાગૃતિ અંગેનાં શેરી નાટકો રજૂ કરવામાં આવ્યાં.

(૩) આરોગ્ય તપાસ માટેનાં મેડિકલ કાર્યક્રમ પણ કરવામાં આવ્યા.

(૪) મતદાન જાગૃતિ માટેનાં નાનાં નાટકો પણ આની સાથે જોડી દીધેલાં.

**કૉલેજ કૅમ્પસ પ્રવૃત્તિ :**

(૧) ૧૫મી ઑગસ્ટે ધ્વજવંદન : ફ્રૂટ વિતરણ - ઈન્કમટેક્ષ ખાતે આવેલ વૃદ્ધાશ્રમમાં.

(૨) ૫મી સપ્ટેમ્બર : શિક્ષક દિનની ઉજવણી.
(૩) ૩૦મી ઑગસ્ટ : સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમ : ચિત્ર સ્પર્ધા / નિબંધ સ્પર્ધા.
(૪) બ્લડ ડોનેશન કૅમ્પ.
(૫) મેડિકલ ચેકઅપ કૅમ્પ - FPA ના સહયોગથી.

**યુનિવર્સિટી, સ્ટેટ, નૅશનલ લેવલ પ્રવૃત્તિઓ**

(૧) યુનિવર્સિટીનાં લીલાપુર કૅમ્પમાં ભાગ લીધો.
(૨) યુનિવર્સિટીમાં L.D. આર્ટ્સ કૉલેજમાં યોજાયેલ કૅમ્પમાં ભાગ લીધો.
(૩) યુનિવર્સિટી દ્વારા બીજી વાર લીલાપુર કૅમ્પમાં ભાગ લીધો.
(૪) મોઢેશ્વરી વિભાગીય સેમિનારમાં ભાગ લીધો.
(૫) અણિયારી મુકામે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો સેમીનાર.
(૬) પ્રો. ઑફિસનો તાલીમ - એમ.જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ.

## NSS – વાર્ષિક શિબિર

તા. ૧-૩-૨૦૧૫ થી ૭-૩-૨૦૧૫ દરમ્યાન જીવણપુરા ગામ, તા. સાણંદ મુકામે ગ્રામોત્થાન શિબિર ''નિર્મળ ગામ - નિર્મળ વિકાસ'' એ ઉદ્દેશ સાથે યોજવામાં આવી. જેમાં નીચેનાં પ્રોજેક્ટો તથા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવ્યાં હતાં.

(૧) જીવણપુરા ગામ જેમાં ૨૨૦૦ની વસ્તી છે. આ ગામમાં બાળલગ્ન પ્રથા, વ્યસનો અને સામાજિક અંધશ્રદ્ધા જોવા મળે છે. જેના આધારે સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાળવણી જાગૃતિ, વ્યસનમુક્તિ નાબૂદી અને સામાજિક અંધશ્રદ્ધા-નાબૂદીના કાર્યક્રમ તથા પ્રૉજેક્ટો હાથ ધરવામાં આવ્યાં.
(૨) મેડિકલ ચેકઅપ : જનરલ-આરોગ્ય તપાસ તથા આંખની તપાસ કરવામાં આવી. જેમાં ૧૭૦ની આરોગ્ય તપાસ કરીને દવાઓ આપી.
(૩) ૮૦ વ્યક્તિઓની આંખ તપાસીને ૪૨ વ્યક્તિને ફ્રીમાં નંબરનાં ચશ્માં આપ્યાં.
(૪) પ્રાથમિક શાળાનાં બાળકોનું આરોગ્ય તપાસતાં કુપોષણ જોવા મળ્યું. H.B.નું નીચું પ્રમાણ જોવા મળ્યું.
(૫) વ્યસનમુક્તિ અને દહેજ નાબૂદી જેવાં નાટકો દ્વારા લોકફાળો રૂ. ૬૬૦૦/- નો એકત્રિત થતાં તે પ્રાથમિક શાળામાં શિક્ષણફંડ પેટે જમા કરાવ્યો.
(૬) પ્રાથમિક શાળાને અને ગામને ગ્રંથાલય માટે ૧૦૦ પુસ્તકો અંદાજિત રૂ. ૫૦૦૦-૦૦ની કિંમતનાં ભેટમાં આપ્યાં.
(૭) શાળાનાં બાળકો માટે, શિબિરાર્થીઓ માટે અને ગામનાં સર્વેજનો માટે જરૂરિયાત મુજબની જાગૃતિ લાવવાનું મહત્ત્વનું કાર્ય કરવામાં આવ્યું.

**૧૫મી ઑગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી :**

એચ. કે. આર્ટ્સ મહાવિદ્યાલય દર વર્ષે નવીન પ્રવૃત્તિઓ સાથે કાર્યક્રમોમાં રાષ્ટ્રીય સ્તરે નામાંકિત વિદ્વાનોને આમંત્રે છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં ધ્વજવંદન કવિ શ્રી હર્ષદેવ માધવ દ્વારા કરવામાં આવ્યું. તેમને આ વર્ષ દરમિયાન મહાકવિ કાલિદાસ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. અને દિલ્હી સાહિત્ય અકાદમી તેમનું સન્માન કરી ચૂકી છે.

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે હર્ષદેવ માધવ અને આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાનો વિચારો રજૂ કર્યા હતા.

**૨૦૧૫ વર્ષ : પ્રજાસત્તાક દિનની ઉજવણી :**

૨૬ જાન્યુઆરી ૨૦૧૫ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગ રૂપે એચ. કે. આર્ટ્સના મુખ્ય મહેમાન અને ધ્વજવંદન કર્તા ગુજરાતના પ્રખર અર્થશાસ્ત્રી શ્રી રોહિત શુક્લ તથા જહાંગીર ફાઉન્ડેશનના સંસ્થાન અને થ્રી ઈડિયટ્સ ફિલ્મના વાસ્તવિક 'રાંચો'ના હસ્તે સૌપ્રથમ ધ્વજવંદન કરાયું, ત્યારે પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ દ્વારા થયું.

'આજની દેશની વર્તમાન સ્થિતિ વિકાસ કે વિનાશ તરફ છે ? તો ભારત પાસે યુવાધન ખૂબ છે' તે બાબત ઉપર રોહિત શુક્લએ ભાર મૂક્યો હતો.

અંતમાં આજે આપણે દેશને શી રીતે ઉપયોગી થઈએ ? વિદ્યાર્થી પુસ્તકિયું જ્ઞાન માત્ર ન લે પરંતુ આંતરસૂઝ દ્વારા તેને ગમતા વિષય થકી તે સ્વ-વિકાસ કરે તેવી અભ્યર્થના સાથે શ્રી શુક્લએ પોતાનું વક્તવ્ય ટૂંકાવ્યું હતું. કાર્યક્રમમાં N.C.C., N.S.S.ના સો વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અંતમાં 'ભારત માતા કી જય' ઘોષ કર્યો.

**– આચાર્ય, સુભાષ બ્રહ્મભટ્ટ**

# શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ

## આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૯૯૬૧

વર્ષ દરમ્યાન શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવાની સાથે સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તેમજ સમયની માંગ મુજબ સાંસ્કૃતિક, બૌદ્ધિક, લલિતકલા, સંગીત, નૃત્ય, નાટ્ય, રમતગમત, NCC, NSS ઉપરાંત વિદ્યાર્થીઓને સરકાર તેમજ ખાનગી ક્ષેત્ર દ્વારા સ્કૉલરશીપ, ઉદ્યોગ-સાહસિકતા, વ્યક્તિત્વ-વિકાસ, કારકિર્દી માર્ગદર્શન, કૅમ્પસ પ્લેસમેન્ટ વગેરે અંગે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

મહેન્દ્ર ફાઈનાન્સ લિ. દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને Rs. 10,000/- સુધીની Scholarship આપવામાં આવી જેમાં કૉમર્સ કૉલેજની સાથે બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો.

VTV ચેનલ : વિદ્યાર્થીઓની શક્તિઓને બહાર લાવવા માટે તેમની Talents નું શુટિંગ કરવામાં આવ્યું તેમજ અડધા કલાકનો કાર્યક્રમ 'Campus Ride' ફક્ત એચ.કે.કૉમર્સ કૉલેજના જ વિદ્યાર્થીઓનું પ્રસારિત કરવામાં આવ્યું.

VTV ચેનલ દ્વારા આપણી કૉલેજના વિદ્યાર્થીઓ પાસેથી શહીદો વિશેની જાણકારી મેળવી તે અંગેનો ૩૦ મિનિટનો કાર્યક્રમ પ્રસારિત કર્યો.

**કૅમ્પસ પ્લેસમેન્ટ**

GTPL, ICICI તેમજ અન્ય કંપનીઓ દ્વારા કૅમ્પસ પ્લેસમેન્ટ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો અને

વિદ્યાર્થીઓની B.Com.નો અભ્યાસ પૂર્ણ થતાં પહેલાં પસંદગી કરવામાં આવી અને B.Com. Sem - 6 ની ગુ. યુનિવર્સિટીની પરીક્ષા પૂરી થયા બાદ નોકરીમાં હાજર થવાનો નિમણૂક-પત્ર આપવામાં આવ્યો. વધુમાં વધુ વેતન વાર્ષિક રૂ.૧ લાખ ૭૦ હજાર અને અન્ય લાભો આપવામાં આવ્યું.

**કૌશલ્ય-વિકાસ અને ઉદ્યોગ-સાહસિકતા –**

શ્રી રણછોડભાઈ મૂળજીભાઈ શુક્લ સ્મારક વ્યાખ્યાનમાળાનું પ્રથમ વાર્ષિક વ્યાખ્યાન 'કૌશલ્ય-વિકાસ, ઉદ્યોગ-સાહસિકતા અને અભિપ્રેરણા' વિષય પર CED અમદાવાદના વિભાગીય અધિકારી શ્રી સૂર્યકાન્તભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત વિદ્યાસભા, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી - પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ મુખ્ય મહેમાનપદ તેમજ મા.મંત્રીશ્રી - શ્રી અંબરીષભાઈ શાહે અતિથિવિશેષપદ શોભાવી વિદ્યાર્થીઓને માહિતી અને પ્રેરણાસભર માર્ગદર્શન પૂરું પાડ્યું.

**CWDC**

વિમેન્સ ડેવલેપમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થિની બહેનોના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ.

તા.૭ ઑગસ્ટ ૨૦૧૫ના રોજ રાજ્ય સરકાર દ્વારા મહિલા વિકાસ સપ્તાહ ઊજવવામાં આવ્યું જેમાં ગુજરાત યુનિ. ખાતે યોજાએલ મહિલા સશક્તીકરણ કાર્યક્રમમાં CWDCના કન્વીનર પ્રા. હસુમતીબહેન ઠક્કર અને કૉ.કન્વીનર પ્રા. જયશ્રીબહેન પટેલે કૉલેજના ૨૦ વિદ્યાર્થીઓ સહિત રેલી અને સેમિનારમાં ભાગ લીધેલો.

તા.૭ ઑગસ્ટ ૨૦૧૫ના રોજ બપોરે ૧૨ થી ૩-૦૦ કલાક સુધી આપણી કૉલેજ સહિત કુલ ૪ કૉલેજોની ૨૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓ અને મહિલા અધ્યાપકો અમદાવાદ યુનિ. ખાતે યોજાએલ સેમિનારમાં જોડાયાં. આ કાર્યક્રમના મોડલ ઑફિસર તરીકે જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી દ્વારા આચાર્યશ્રી ડૉ. ગોપાલ આર. ભટ્ટને સોંપવામાં આવી હતી.

તા.૧૪-૧૦-૨૦૧૫ ના રોજ ગુજરાત યુનિ.ના WDC અને ICC દ્વારા યોજાયેલ સેમિનારમાં તેમજ તા.૨૧/૯/૨૦૧૫ ના રોજ H.K.Arts કૉલેજ દ્વારા યોજાયેલ સેમિનારમાં ઇનચાર્જ અધ્યાપકો સહિત વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

**સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિન**

કૉલેજ કૅમ્પસમાં યોજાતા સ્વાતંત્ર્ય દિન (૧૫-૮-૨૦૧૫) અને પ્રજાસત્તાક દિન (૨૬-૧-૨૦૧૬) ના રોજ NCC ના વિદ્યાર્થીઓએ ધ્વજવંદન અને પરેડમાં ભાગ લીધો તેમજ હૉલમાં રાષ્ટ્રભક્તિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. તા.૧૫-૮-૨૦૧૫ ના રોજ મુખ્ય મહેમાનપદ જાણીતાં સમાજસેવિકા સુ.શ્રી રૂઝાન ખંભાતાએ શોભાવ્યું. જ્યારે ૨૬-૧-૨૦૧૬ના રોજ મુખ્ય મહેમાનપદ જાણીતા 'ગુજરાત સમાચાર'ના પત્રકાર શ્રી ભવેનભાઈ કચ્છીએ શોભાવ્યું. આ પ્રસંગે પ્રસંગોચિત પ્રેરણાજનક પ્રવચન કરી મુખ્ય મહેમાનશ્રીઓએ માર્ગદર્શન આપ્યું.

NCCના વિદ્યાર્થીઓએ કૉલેજમાં ધ્વજવંદનની ઉજવણી બાદ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલ ધ્વજવંદનમાં પણ પ્રશંસનીય કામગીરી બજાવી.

NCCના વિદ્યાર્થીઓએ NCCની પરીક્ષા પણ પાસ કરેલ તેમજ વિવિધ camp માં સક્રિય યોગદાન આપ્યું.

N.S.S. Unit દ્વારા થેલેસેમિયા અવેરનેસ કાર્યક્રમ તેમજ થેલેસેમિયા ચેક-અપનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા NSSના ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે છ દિવસનો સેમિનાર યોજવામાં આવ્યો.

બી.એસ.શાહ પ્રકાશન અને જય સચ્ચિદાનંદ સંઘ દ્વારા 'Value Added Education' વિષય પર બે બેચમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓને કાર્યક્રમની DVD તેમજ ઉપયોગી પુસ્તકોનો સેટ ભેટમાં આપવામાં આવ્યો.

★ ગ્રાહક સુરક્ષા અંગેનો સેમિનાર- Consumer Education & Research Centre દ્વારા યોજવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો.

**સાંસ્કૃતિક અને લલિતકલા પ્રવૃત્તિઓ :**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને સમૂહ નૃત્ય, સમૂહગાન, હળવું કંઠ્ય સંગીત તેમજ માઈમમાં આંતર કૉલેજ સ્પર્ધામાં વિજયી બન્યા. અને આંતરઝોનમાં પણ પ્રશંસનીય દેખાવ કર્યો.

**કારકિર્દી વિકાસ કાર્યક્રમો**

વર્ષ દરમ્યાન અનેક કારકિર્દી-વિકાસના કાર્યક્રમો યોજાયા... જેમાં

કારકિર્દી-વિકાસ, વ્યક્તિત્વ-વિકાસ, Employability beyond Employment, સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશેનું માર્ગદર્શન, વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ રોજગારીની તકો જેમ કે, Hospitality, Tourism, Webdesining વગેરે વિષયો પર અનેક નિષ્ણાતોનાં વ્યાખ્યાનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

તેમજ ગુજરાત રાજ્યની રોજગાર વિનિમય કચેરી (Employment Exchange) દ્વારા 'Overseas Employment & career infomation' વિષય પર રસપ્રદ સેમિનાર યોજવામાં આવ્યો.

શ્રી એચ.કે.કૉમર્સ કૉલેજનો ૪૮મો વાર્ષિકોત્સવ તા. ૩૦-૩-૨૦૧૬ના રોજ આપણા Auditorium માં યોજવામાં આવ્યો. વર્ષ દરમ્યાન જેમણે સિદ્ધિઓ મેળવી છે તેવા વિદ્યાર્થીઓને રોકડ ઇનામ, પ્રમાણપત્રો, શિલ્ડ, ટ્રોફી વગેરેથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા જેમાં મુખ્યમહેમાનપદ આપણા ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ તેમજ અતિથિવિશેષપદ આપણા ટ્રસ્ટના મા. મંત્રીશ્રી ડૉ. અંબરીષભાઈ શાહે શોભાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. કુમારપાળ દેસાઈએ વિદ્યાર્થીઓને સિદ્ધિ બદલ બિરદાવ્યા હતા અને સર્વને સફળતાના વધુ ઊંચાં શિખરો સિદ્ધ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

**રમતગમત પ્રવૃત્તિઓ - વર્ષ ૨૦૧૫-૨૦૧૬**

વર્ષ ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક સત્રમાં આપણી એચ.કે.કૉમર્સ કૉલેજે રમત-ગમતની જુદી-જુદી સ્પર્ધાઓ જેવી કે ક્રિકેટ, એથ્લેટિક્સ, ફુટબોલ, બેડમિન્ટન, ચેસ જેવી રમતોમાં ભાગ લઈ કૉલેજનું ગૌરવ વધારેલ છે.

વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષમાં આપણી કૉલેજના વિદ્યાર્થી કથન પટેલે ક્રિકેટમાં અન્ડર ૧૯માં પસંદગી પામી ગુજરાત ક્રિકેટ ટીમના કૅપ્ટન તરીકે અને વેસ્ટ ઝોનના કૅપ્ટન તરીકે પણ ફરજ બજાવી કૉલેજનું ગૌરવ વધારેલ.

આપણી કોલેજનાજ અન્ડર ર૩ટીમમાં પસંદગી પામી બ્રિજેશ નાકરાણીએ પણ આપણી કોલેજનું ગૌરવ વધારેલ છે. (આંતર યુનિમાં પણ પસંદગી થયેલ)

ફૂટબૉલમાં રાણા ધવલ કે જેમની આંતર યુનિવર્સિટી ટીમમાં પસંદગી થયેલ તેમણે જયપુર ખાતે યોજાયેલ સ્પર્ધામાં કૉલેજનું પ્રતિનિધિત્વ કરી કૉલેજનું ગૌરવ વધારેલ છે.

એથ્લેટિક્સમાં આપણી કોલેજનાં જેનીલ પટેલ હેદરાબાદ ખાતે યોજાયેલ નેશનલ એથલેટીકસ ચેમ્પીયનશીપમાં ભાગ લઈ કોલેજનું ગૌરવ વધારેલ છે.

આપણી કૉલેજના જ મલ બચ્ચને ફુટબૉલ રમતમાં ઝારખંડ મુકામે યોજાયેલ સ્પર્ધામાં ભાગ લઈ કૉલેજનું ગૌરવ વધારેલ છે.

આમ વર્ષ ૨૦૧૫-૧૬મા ઉપર મુજબના ખેલાડીઓએ સુંદર દેખાવ કરી કૉલેજનું ગૌરવ વધારેલ છે.

**આંકડાશાસ્ત્ર વિભાગ**

**૨૦૧૫-૧૬ અહેવાલ**

૧. આર.જે.તિબ્રેવાલ કૉલેજમાં ૨૦ વિદ્યાર્થીઓએ તા. ૨૬/૯/૨૦૧૫ ના રોજ એક દિવસના Statistical Analysis through excell workshop માં ભાગ લીધો. જેમાં બંને પ્રોફેસર Dr. Dineshbhai Patel & Prof. K. I. Shah હાજર હતા.

૨. Centre for Research on Seed spieces, Jugudan - Nr. Mehsana ખાતે તા.૨/૨/૧૬ના રોજ એક દિવસની એકેડેમિક ટૂરમાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જ્યાં Field ઉપર Practically પ્રાયોગિક્ યોજનાઓનો વિસ્તારપૂર્વક અભ્યાસ કર્યો. Dr. Dineshbhai Patel & Prof. K. I. Shah હાજર હતા.

૩. Main Statistic B.Com. Sem - IV અને B.Com. Sem. II ના વિદ્યાર્થીઓએ Main Statistics B.Com. Sem VI ના વિદ્યાર્થીઓએ માટે શુભેચ્છા સમારંભનું સુંદર આયોજન કર્યું. જેમાં B.Com. Sem. VIના વિદ્યાર્થીઓએ કૉલેજ માટે ગૌરવ અનુભવ્યું અને પ્રતિભાવ આપ્યો.

**– પ્રિ. ડૉ. ગોપાલ ભટ્ટ**

## બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન

**આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૬૫૪૧૫૫૮૦**

બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતી અને શૈક્ષણિક સંસ્થામાંની એક બી.બી.એ. કૉલેજ છે જે મૅનેજમેન્ટ વિદ્યાર્થીઓની રુચિને ધ્યાન પર લઈને વર્ષ ૧૯૯૯માં શરૂ કરી હતી. છેલ્લાં ચાર વર્ષથી પ્રવેશની જવાબદારી યુનિવર્સિટી સંભાળી રહી છે અને કૉલેજને પ્રવેશ ફાળવે છે. જેમાં વધતી જતી સ્પર્ધામાં પણ કૉલેજને જરૂરી પૂરતી સંખ્યા પૂર્ણ થાય છે.

કૉલેજ તરફથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય એનું સતત ધ્યાન રાખવામાં આવે છે અને તેમને પૂરેપૂરું માર્ગદર્શન પણ પૂરું પાડીએ છીએ. જે પૈકીની N.C.C., N.S.S., રમતગમત પ્રવૃત્તિઓ મુખ્ય છે.

આ વર્ષે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સારું પરિણામ મેળવ્યું છે જેમાં FYમાં Sem I સુથાર નાવિદ સિકંદરભાઈ અને Sem II માં કાવડ હાર્દિક, SY Sem III ચાવડા રચના રતિલાલ અને IVમાં પ્રજાપતિ લક્ષ્મી, TY Sem V માં યાદવ મધુ અરવિંદકુમાર અને VI માં કપાસી સકિનાએ કૉલેજ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યા હતા. આ વર્ષે આ વિદ્યાર્થીઓએ સાતત્યપૂર્ણ દેખાવ કરીને બંને Semesterમાં પોતાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો. આ વર્ષે કપાસી સકિનાએ Sem V માં યુનિવર્સિટીમાં પાંચમો ક્રમ અને Sem VI માં યુનિવર્સિટીમાં ૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. જે સંસ્થા માટે ગૌરવપૂર્ણ બાબત છે.

વિદ્યાર્થીઓ દ્વારા એક જરૂરિયાત લોકો માટે ફંડ ઉઘરાવવા માટે આગળ આવ્યા હતા અને જે પૈકી રૂ. ૧૦૦૦૦ જેટલી રકમ ભેગી કરીને મંદ બુદ્ધિ બાળકોની ચિન્મય Mentally challenged શાળાની મુલાકાત લઈ તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો અને તે સંસ્થાને જે રીતે જરૂર હતી તે પ્રમાણે વિદ્યાર્થીઓએ યોગદાન આપ્યું હતું. વ્યક્તિ-વિકાસ સંદર્ભે IBS દ્વારા વિદ્યાર્થીઓ માટે પૂરા એક દિવસનો સેમિનાર રાખવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો અને તેઓના માર્ગદર્શન હેઠળ મનોબળ મક્કમ કેવી રીતે બનાવાય તે શીખ્યા હતા.

૨૧/૬/૨૦૧૫ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર થયેલ જે પૈકી આપણી સંસ્થાએ પણ કદમથી કદમ મેળવીને કૉમર્સ અને આર્ટ્સ કૉલેજે સાથે મળીને આ દિવસની ઉજવણી કરી હતી અને વિદ્યાર્થીઓને શારીરિક મજબૂત બનાવવામાં આગળ આવી હતી.

આ વર્ષે રૂજાન ખંભાતાની ચાલતી NGO ની સાથે રહીને શહેરના પોલીસકર્મીઓ સાથે રક્ષાબંધનનો તહેવાર ઊજવ્યો હતો જે પૈકી વિદ્યાર્થીઓને પોલીસ દ્વારા આપણે કેટલા સુરક્ષિત છીએ તે જાણવા મળ્યું અને સાથે સાથે તેઓ સમાજને સુરક્ષિત રાખશે તેવું વચન લીધું હતું.

અભ્યાસના ભાગ રૂપે જુદી જુદી કંપનીઓની મુલાકાત લેવાની હોય છે તે સંદર્ભે આ વર્ષે વિદ્યાર્થીઓએ પાર્લે લિ., કોકા કોલા લિ.ની મુલાકાત લીધી હતી.

દર વર્ષની જેમ આ વર્ષ દરમિયાન જુદી જુદી કૉલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પૈકી મૅનેજમેન્ટને લગતી પ્રતિયોગિતામાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો અને આ વર્ષે ફરી એક વાર જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. R.B. Institute of Management દ્વારા આયોજિત Ad-Mad પ્રતિયોગિતામાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં શુભમ્ દુગ્ગડ, અનુપ્રિયા મહતો, કેસર મોદી, રાકેશ અગ્રવાલ અને નિકેત શાહ હતાં. ચીમનભાઈ પટેલ Institute દ્વારા આયોજિત Quiz કોમ્પિટિશનમાં આપણી કૉલેજે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જે ટીમમાં કિશન શાહ, જિતેન્દ્ર યાદવ અને રાકેશ અગ્રવાલ હતા. SAL કૉલેજ ઑફ Management દ્વારા આયોજિત Ad-Mad પ્રતિયોગિતામાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું જેની ટીમ અનુપ્રિયા મહતો, કેસર મોદી, શુભમ્ દુગ્ગડ અને નિકેત શાહ હતાં. આ કૉલેજ દ્વારા બીજી પ્રતિયોગિતા ઍક્ટિંગ સંદર્ભે જેમાં આતેકા પટેલે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એચ.કે. પટેલે સંસ્થા આયોજિત Ad-Mad માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું જેના ટીમ મેમ્બર્સ નિકેત શાહ, રાકેશ દુગ્ગડ, કિશન શાહ અને રવીન્દ્ર બહેલ હતા. NICM આયોજિત Business પ્લાનમાં પ્રથમ જેના ટીમ મેમ્બર્સ નેતરા તિલવે અને વિદ્યા શર્મા હતાં, Ad-Mad માં પ્રથમ જેના ટીમ મેમ્બર્સ નિકેત શાહ, શુભમ્ દુગ્ગડ, અનુપ્રિયા મહતો અને કેસર મોદી હતા. Photographyમાં પ્રથમ જેના ટીમ મેમ્બર્સ માનવ જોશી, મીત શાહ, પાર્થ ડગબર હતા, Best આઉટ ઑફ વેસ્ટમાં પ્રથમ સ્થાન જેના ટીમ મેમ્બર્સ દિગ્વિજય અને રવીન્દ્ર બહેલ હતા.

આ વર્ષે એક એનજીઓ દ્વારા મહિલાના રક્ષણ માટે "Tug of War"નું આયોજન કર્યું હતું જેની ગિનિસ

બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ માટે પણ અરજી કરી હતી તેવી પ્રતિયોગિતામાં પણ આપણા વિદ્યાર્થીઓનો દેખાવ સારો રહ્યો હતો. અને તેમાં quarter ફાઇનલ સુધી પહોંચીને હોમગાર્ડ્સની ટીમ સામે હારી ગયા હતા.

દર વર્ષે યુનિવર્સિટી યુવાનોમાં પડેલા જોમને બહાર લાવવા માટે યુથ ફેસ્ટિવલનું આયોજન કરતી હોય છે. આ વર્ષે પણ આપણી કૉલેજમાંના વિદ્યાર્થીમિત્રોએ જુદી જુદી ચાર સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને સંતોષકારક પ્રદર્શન કર્યું હતું.

વિદ્યાર્થીઓએ Graduation કર્યા પછી સારી જગાએ નોકરી મેળવી છે કે નહીં તે બાબતમાં સંસ્થા સદાયે જાગૃત રહી છે ! જેના માટે શરૂ કરેલ પહેલ કે સંસ્થા દ્વારા નિયંત્રિત એક વેબ પેજને આ વર્ષે પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને ઘણા વિદ્યાર્થીઓએ એનો વ્યક્તિગત આભાર વ્યક્ત કરેલ છે. કૉલેજ કૅમ્પસમાં ICICI Prudential અને ટીસીએસ જેવી કંપનીએ આવીને આપણા વિદ્યાર્થીઓ પર પસંદગી ઉતારી છે.

સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓનો વ્યક્તિગત વિકાસ થાય તે માટે સંસ્થામાં જ તેઓ માટે જુદી જુદી પ્રતિસ્પર્ધાઓ કરાવવામાં આવતી હોય છે. જેમાં ૫મી સપ્ટેમ્બરના દિવસે સ્વયં શિક્ષક દિનમાં શાન-એ-રજા, ગિરીશ ગંગવાની અને અનુપ્રિયા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પર રહ્યાં હતાં. પારંપરિક વેશભૂષા (Tradition Day) માં વિદ્યાર્થિનીમાં નેવે કાજલ, કૃપાલ અને રિદ્ધિ શાહ અને વિદ્યાર્થીઓમાં કેસર મોદી (જેણે પુરુષપાત્રને રજૂ કર્યું હતું), હાર્દિક દેસાઈ અને ગિરીશ ગંગવાની અગ્રેસર રહ્યાં હતાં.

**– કા. ડાયરેક્ટર, નીરવ શાહ**

# શ્રી બ્રહ્મચારી વાડી ઇન્સ્ટિટ્યૂટ ઑફ સંસ્કૃત સ્ટડિઝ

## હ. કા. કૉલેજ કમ્પાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૮૮૬૨

છેલ્લા આઠ દાયકાથી સંસ્કૃત ભાષા અને શાસ્ત્રોનું અધ્યાપન કરાવતી આ સંસ્થા વર્ષ ૨૦૧૩-૧૪ થી બ્રહ્મચારી વાડી ઇન્સ્ટિટ્યૂટ ઑફ સંસ્કૃત સ્ટડિઝના નામે ઓળખાતી થઈ છે. આ પૂર્વે તેનું નામ શ્રી બ્રહ્મચારીવાડી સંસ્કૃત પાઠશાળા હતું. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળનું ડિપ્લોમા અભ્યાસક્રમનું આ અમદાવાદ ખાતેનું કેન્દ્ર છે. અહીં ડિપ્લોમા મંદિર વ્યવસ્થાપન, ડિપ્લોમા વાસ્તુશાસ્ત્ર, ડિપ્લોમા જ્યોતિષ અને ડિપ્લોમા કર્મકાંડના અભ્યાસક્રમ ચાલે છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ઉપર્યુક્ત અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૬૭ છે.

| | | |
|---|---|---|
| ડિપ્લોમા મંદિર વ્યવસ્થાપન | – | ૨૦ |
| ડિપ્લોમા વાસ્તુશાસ્ત્ર | – | ૧૫ |
| ડિપ્લોમા જ્યોતિષ | – | ૧૮ |
| ડિપ્લોમા કર્મકાંડ | – | ૧૪ |

આ ઉપરાંત ઇન્સ્ટિટ્યૂટમાં સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે પ્રતિવર્ષ સંભાષણ વર્ગનું પણ આયોજન થાય છે. આ સિવાય વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ પણ થતી રહે છે. ચાલુ વર્ષે ઇન્સ્ટિટ્યૂટ દ્વારા જે જે પ્રવૃત્તિઓ થઈ તેની રૂપરેખા આ પ્રમાણે છે.

★ **ષડદર્શન અભ્યાસવર્ગ :** ઇન્સ્ટિટ્યૂટ દ્વારા તા. ૨૧ થી ૧૫ એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન ષડદર્શન અભ્યાસવર્ગ

યોજાયો. જેનો આશય અભ્યાસુઓને ભારતીય દર્શનશાસ્ત્રથી અવગત કરાવવાનો હતો. શ્રી કુમારપાળ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિ અને પ્રેરણાપ્રદ વ્યાખ્યાનથી આ વર્ગનો શુભારંભ થયો હતો. તેમાં લગભગ ૫૦ જેટલા વિવિધ ક્ષેત્રના અભ્યાસુઓએ ભાગ લીધો હતો. ડૉ. શુચિતાબહેન મહેતા (સેન્ટ ઝેવિયર્સ કૉલેજ), પ્રા. નિર્મલભાઈ વ્યાસ (અમદા.મ્યુનિ. કૉર્પો. સ્કૂલ બોર્ડ), ડૉ. શ્રી ભરતભાઈ શીલુ (હેમચંદ્રાચાર્ય પાઠશાલા) અને પંડિત શ્રી મેહુલભાઈએ આ આયોજનમાં વક્તા તરીકે વિષયને પૂર્ણ ન્યાય આપ્યો હતો. આ સમગ્ર આયોજન માટે વક્તાશ્રીઓના પુરસ્કારની જવાબદારી શ્રી પૂર્વીન શાહ (આર્કિટેક) દ્વારા લેવામાં આવી હતી.

★ **નિઃશુલ્ક વેદ વર્ગ :** ઇન્સ્ટિટ્યૂટ દર વર્ષે મે-જૂન વેકેશન દરમ્યાન નિઃશુલ્ક વેદ વર્ગનું આયોજન કરે છે. તેમાં દરેકને વેદમંત્રોચ્ચારનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ વર્ષે લગભગ ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્ગનો લાભ લીધો હતો. ડૉ. કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ દ્વારા દરેકને વેદમંત્રોનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

★ **વૈદિક યજ્ઞ :** તા ૨૮-૫-૧૫ના રોજ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કર્મકાંડના વિદ્યાર્થીઓના પ્રત્યક્ષ નિદર્શન માટે શ્રી સોમનાથ મહદેવ, નારોલ ખાતે એકદિવસીય વૈદિક યજ્ઞનું આયોજન ગયેલ. જેમાં સમંત્રક અધિદેવતા - પ્રત્યધિદેવતા સમેત ગ્રહમંડલનું હોમાત્મક કાર્ય થયું હતું. આ આયોજનમાં શ્રી મકરંદભાઈ ઠાકર, શ્રી રત્નાકર સોમણ અને શ્રી ચેતન વ્યાસે સક્રિય ભાગ ભજવો હતો.

★ **પ્રમાણપત્ર વિતરણ સમારંભ :** તા. ૨-૨-૧૬ના રોજ ઇન્સ્ટિટ્યૂટનો પ્રમાણપત્ર વિતરણ સમારંભ યોજાયો. તેમાં શ્રી શ્રીધરભાઈની ઉપસ્થિતિમાં શ્રી શૈલેષભાઈ શાસ્ત્રીના હસ્તે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેનાર સ્પર્ધકોને ઇનામ તથા પ્રમાણપત્ર વહેંચવામાં આવ્યાં. સાથે સાથે વિવિધ ડિપ્લોમા ઉત્તીર્ણ કરનારને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

★ **મહાવિદ્યા આરાધના :** શારદીય નવરાત્રિ પર્વે ડિપ્લોમા મંદિર વ્યવસ્થાના વિદ્યાર્થીઓ અને કર્મકાંડના વિદ્યાર્થીઓ માટે શાસ્ત્રી ગૌરાંગભાઈનું વ્યાખ્યાન તા.૨૮-૧૦-૧૫ના રોજ રાખેલ. તેમણે શક્તિ-આરાધના અને મહાવિદ્યા-ઉપાસનાનું શાસ્ત્રીય મહત્ત્વ દર્શાવ્યું હતું.

★ **સંસ્થા મુલાકાત :** વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓએ બે સંસ્થાઓની મુલાકાત લીધી હતી. ડિપ્લોમા મંદિર વ્યવસ્થાનના વિદ્યાર્થીઓએ શ્રી બ્રહ્મર્ષિ સંસ્કારધામ, નડિયાદ અને જ્યોતિષ-વાસ્તુના વિદ્યાર્થીઓએ નારણપુરા વેધશાળાની મુલાકાત લીધી હતી.

★ **શ્રી શ્રીધરભાઈ વ્યાસની ઉપલબ્ધિઓ :**

– તા. ૨૦-૧-૧૬ના રોજ શ્રી એચ.કે.આર્ટ્સ કૉલેજના સંસ્કૃત વિભાગ દ્વારા યોજાયેલા કવિ સંમેલનમાં સ્વરચિત કાવ્યોનો આસ્વાદ કરાવ્યો હતો.

– તા. ૭ થી ૯ ફેબ્રુ. ૨૦૧૬ દરમ્યાન શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે યોજાયેલ ઇન્ટરનેશનલ કૉન્ફરન્સમાં ''શિવ પ્રદોષ વ્રત'' ઉપર સંસ્કૃત ભાષામાં પોતાનું શોધપત્ર રજૂ કર્યું હતું.

– શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદની વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીની કારોબારી સમિતિમાં શ્રી શ્રીધરભાઈ વ્યાસને સ્થાન આપવામાં આવ્યું છે. ઉપરાંત પરંપરાગત પરીક્ષાઓના વિભાગની વધારાની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી છે.

**– મા. નિયામકશ્રી, શ્રીધરભાઈ વ્યાસ**

## ગુજરાત વિદ્યાસભા આયોજિત વિદ્યાબહેન નીલકંઠ વ્યાખ્યાન માળા







## માતૃભાષા ગૌરવદિન પ્રસંગે લોકડાયરો







## ગુજરાત વિદ્યાસભા - લલિતકલા કેન્દ્રના ઉપક્રમે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા - દિલ્હીના સહયોગમાં યોજાયેલ આંતર રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ પ્રસંગે


## મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલ અને મેયર શ્રી ગૌતમ શાહ









## એલેક્ઝાન્ડર ફોર્બ્સ વિશે વક્તવ્ય અને ફોર્બ્સના જીવન આધારિત પુસ્તક વિમોચન પ્રસંગે શ્રી દીપક મહેતા...












## ગુજરાત વિદ્યાસભાના પ્રકાશનો


























## ગુજરાત વિદ્યાસભા - બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ

૧. રા. બ. રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક કન્યાશાળા
૨. રા. બ. રણછોડલાલ છોટાલાલ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા
૩. શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન
૪. શ્રી બ્રહ્મચારીવાડી સંસ્કૃત પાઠશાળા
૫. શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ
૬. શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ
૭. બ્રહ્મચારીવાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.)
૮. પ્રેમાભાઈ હૉલ
૯. ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ (એચ. કે. હૉલ)

બુક-પોસ્ટ

શ્રી,

રવાના :
**ગુજરાત વિદ્યાસભા**
એચ. કે. કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૨૦૮૮

પ્રકાશક : **શ્રી અંબરીષ શાહ**, માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, એચ.કે. કૉલેજ કેમ્પસ, અમદાવાદ-૯
મુદ્રક : કિષ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૧૩, ફોન : ૨૭૪૯૪૩૯૩